RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 357 Dt. 02-07-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

ભારતીય રાજકારણમાં મોટા ભૂકંપના એંધાણ : નવા કાયદાની તડામાર તૈયારી

# PM, CM કે મંત્રી ૩૦ દિવસ કસ્ટડીમાં રહેશે તો જશે ખુરશી

## ૫ વર્ષથી વધુ સજાપાત્ર ગુનામાં ૩૦ દિવસ જેલમાં રહેલા મંત્રી આપોઆપ પદ ગુમાવશેઃ ૧૩૦માં બંધારણ સુધારા વિધેયક પર JPC ૧૭ જુલાઈએ સ્પીકરને રિપોર્ટ સોંપશે



### લોકશાહી કે તાનાશાહી? વિપક્ષી ગઠબંધન 'INDIA' દ્વારા બિલનો ઉગ્ર વિરોધ, અસદુદ્દીન ઓવૈસી અને સુપ્રિયા સુલે આપી શકે છે 'ડિસેન્ટ નોટ'

નવી દિલ્હી, રાજકોટ

દેશના રાજકારણમાં અને બંધારણીય માળખામાં એક અત્યંત મોટા અને ઐતિહાસિક ફેરફારની તૈયારીઓ ચાલી રહી છે, જે આગામી દિવસોમાં દેશના રાજકીય સમીકરણોને મૂળમાંથી હચમચાવી શકે છે. કેન્દ્ર સરકાર એક એવો નવો કાયદો લાવવા જઈ રહી છે, જેના અમલ પછી જો વડાપ્રધાન, મુખ્યમંત્રી કે કોઈપણ મંત્રીને ગંભીર ગુનાના આરોપસર ૩૦ દિવસ સુધી કસ્ટડીમાં રહેવું પડશે, તો તેમણે પોતાનું પદ ગુમાવવાનો વારો આવશે. આ મામલે ૧૩૦માં બંધારણ સુધારા વિધેયકની સમીક્ષા કરી રહેલી સંયુક્ત સંસદીય સમિતિ (JPC) આગામી ૧૭ જુલાઈએ લોકસભા સ્પીકરને પોતાનો વિસ્તૃત અહેવાલ સોંપી શકે છે. સંસદના આગામી ચોમાસું સત્રમાં, જે ૨૦ જુલાઈથી શરૂ થવાની પ્રબળ સંભાવના છે, તેમાં આ બિલને કાયદાનું રૂપ આપવા માટે રજૂ કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ છે.

નોંધનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગયા વર્ષે ઑગસ્ટ મહિનામાં આ અત્યંત મહત્વપૂર્ણ અને વિવાદાસ્પદ બિલ સંસદમાં રજૂ કર્યું હતું, જે બાદ તેની બારીકીઓ ચકાસવા માટે સાંસદ અપરાજિતા સારંગીની અધ્યક્ષતામાં ૩૧ સભ્યોની એક વિશેષ JPCની રચના કરવામાં આવી હતી.

આ નવા વિધેયકના મુખ્ય ઉદ્દેશ્ય અને તેમાં કરવામાં આવેલી જોગવાઈઓ મુજબ, જો દેશના વડાપ્રધાન, રાજ્યના મુખ્યમંત્રી કે અન્ય કોઈ પણ મંત્રી પર એવા ગંભીર ગુનાનો આરોપ લાગ્યો હોય કે જેમાં તેમને ૫ વર્ષ કે તેથી વધુની સજા થઈ શકે તેમ હોય, અને જો આવા કેસમાં તેઓ સતત ૩૦ દિવસ સુધી કસ્ટડીમાં (જેલવાસ અથવા પોલીસ રિમાન્ડમાં) રહે, તો તેમને તેમના પદ પરથી હટાવી દેવામાં આવશે. કાયદાની રૂપરેખા એટલી કડક બનાવવામાં આવી રહી છે કે ૩૧મા દિવસે દેશના રાષ્ટ્રપતિ (કેન્દ્રીય મંત્રીઓના કિસ્સામાં) કે રાજ્યપાલ (રાજ્યના મંત્રીઓના કિસ્સામાં) દ્વારા અથવા તો બંધારણીય જોગવાઈ મુજબ આપોઆપ જ તેઓ પદ પરથી મુક્ત થઈ જશે. જોકે, આ કાયદાનો રાજકીય હથિયાર તરીકે દુરુપયોગ ન થાય અને તે કોઈપણ પ્રકારની રાજકીય બદલાની ભાવનાથી પ્રેરિત ન હોય, તે સુનિશ્ચિત કરવા માટે JPC ના અહેવાલમાં કેટલાક સુરક્ષાત્મક સૂચનો અને કડક માર્ગદર્શિકાઓ પણ સામેલ કરવામાં આવી શકે છે. સમિતિ ગુનાની પ્રકૃતિને મર્યાદિત કરવા માટેની ભલામણો પણ કરી શકે છે.

વિપક્ષનો આક્રોશ અને 'INDIA' ગઠબંધનની દલીલો આ બિલની જાહેરાત સમયથી જ દેશના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસ સહિત વિપક્ષી ગઠબંધન 'INDIA'ના મોટાભાગના સભ્યોએ આ સમિતિનો સખત વિરોધ કરી તેનો બહિષ્કાર કર્યો હતો.

વિપક્ષનો સીધો આરોપ છે કે, સત્તાધારી પક્ષ પાસે બહુમતી હોવાથી તેઓ વિપક્ષના કોઈ સૂચનોને ધ્યાનમાં લેશે નહીં અને તેમને નકારી કાઢશે, જેથી આ સંયુક્ત સંસદીય સમિતિનો ઉપયોગ માત્ર એક 'રબર સ્ટેમ્પ' તરીકે જ કરવામાં આવી રહ્યો છે.

વિપક્ષની મુખ્ય દલીલ એ છે કે આ બિલ સંપૂર્ણપણે અલોકતાંત્રિક, સંઘવાદ (ફેડરલિઝમ) વિરોધી અને 'કુદરતી ન્યાયના સિદ્ધાંત' (પ્રિન્સિપલ ઓફ નેચરલ જસ્ટિસ) ની તદ્દન વિરુદ્ધ છે. કાયદાના સામાન્ય નિયમ મુજબ જ્યાં સુધી વ્યક્તિ દોષિત સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ ગણાય છે, પરંતુ આ બિલમાં વ્યક્તિ દોષિત સાબિત થયા પહેલા માત્ર ૩૦ દિવસની કસ્ટડીના આધારે જ તેને મંત્રીપદ પરથી હટાવી દેવાની જોગવાઈ છે, જે લોકશાહી માટે ખતરનાક બની શકે છે.

### સત્તાધારી પક્ષનો તર્ક અને સંભવિત 'ડિસેન્ટ નોટ'

બીજી તરફ, સરકાર અને સત્તાધારી પક્ષ આ બિલના બચાવમાં મજબૂત તર્ક રજૂ કરી રહ્યા છે. સત્તાધારી પક્ષનું માનવું છે કે, 30 દિવસનો કસ્ટડીનો સમયગાળો કાયદાકીય રીતે ઘણો મોટો ગણાય છે. આ સમયગાળા દરમિયાન કોઈપણ મંત્રીને કાયદાકીય રાહત મેળવવા માટે અને ઓછામાં ઓછી ત્રણ વખત જામીન અરજી દાખલ કરવા માટે પૂરતી અને વાજબી તક મળી રહે છે. જો 30 દિવસ સુધી કોર્ટ જામીન ન આપે તો તેનો અર્થ એ છે કે ગુનો ખરેખર ગંભીર છે. આ ૩૧ સભ્યોની સમિતિમાં અસદુદ્દીન ઓવૈસી (AIMIM) અને સુપ્રિયા સુલે (ગઈડ – શરદ પવાર જૂથ) જેવા પ્રખર વિપક્ષી નેતાઓ પણ સામેલ છે, જેઓ લોકશાહીના હિતમાં આ અહેવાલ પર પોતાનો અસંમતિ પત્ર (Dissent Note) સત્તાવાર રીતે આપી શકે છે. આ સિવાય રાજ્યસભાના સાંસદ અને YSRCPના નેતા એસ. નિરંજન રેડ્ડી પણ આ સમિતિનો હિસ્સો છે. આગામી ચોમાસું સત્રમાં આ બિલ રજૂ થશે ત્યારે સંસદના બંને ગૃહોમાં ભારે હોબાળો અને રાજકીય ઘમાસાણ જોવા મળે તેવી પૂરેપૂરી શક્યતાઓ છે.



રશિયા કનેક્શન મુદ્દે અમેરિકાની મોટી રાહત

# ચાર ભારતીય કંપનીઓ પરથી પ્રતિબંધ હટાવતું અમેરિકા

રાજકોટ, તા.૧

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર પર અંતિમ મહોર મારવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, તે દરમિયાન અમેરિકાએ ભારતીય કંપનીઓને એક મોટી રાહત આપી છે. રશિયા સાથે વેપાર કરવાના કારણે અમેરિકાએ જે ભારતીય કંપનીઓ પર પ્રતિબંધો લગાવ્યા હતા, તેમાંથી ૪ કંપનીઓને હવે ટ્રેઝરી પ્રતિબંધોની યાદીમાંથી મુક્ત કરવામાં આવી છે. હાલમાં જ ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે પણ સંકેત આપ્યા હતા કે બંને દેશો વચ્ચેનો વેપાર કરાર લગભગ ૯૯ ટકા જેટલો પૂર્ણ થઈ ગયો છે અને હવે માત્ર ૧ ટકા જેટલું જ કામ બાકી છે. આ પરિસ્થિતિમાં અમેરિકાનો આ નિર્ણય ખૂબ જ સૂચક અને સકારાત્મક માનવામાં આવે છે.

અમેરિકાએ એક્ઝિક્યુટિવ ઓર્ડર ૧૪૦૨૪ હેઠળ આ કંપનીઓ પર રશિયા સાથે કનેક્શન હોવાના કારણે પ્રતિબંધો લાદ્યા હતા. હવે જે કંપનીઓને આ બ્લેકલિસ્ટમાંથી મુક્ત કરવામાં આવી છે, તેમાં આરઆરજી (RRG) એન્જિનિયરિંગ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ, લોકેશ મશીન્સ લિમિટેડ, અમદાવાદ સ્થિત ગેલેક્સી બેરિંગ્સ લિમિટેડ તેમજ શૌર્ય એરોનોટિક્સ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. અમેરિકાએ તાજેતરમાં જ પોતાની SDN એટલે કે 'સ્પેશિયલી ડેસિગ્નેટેડ નેશનલ્સ લિસ્ટ' અપડેટ કરીને આ નિર્ણય જાહેર કર્યો છે.

આ લિસ્ટ અમેરિકાના 'ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ' (OFAC) વિભાગ દ્વારા જાહેર કરવામાં આવે છે. આ યાદીમાં એવા વ્યક્તિઓ અથવા કંપનીઓના નામ સામેલ કરવામાં આવે છે જે અમેરિકા દ્વારા પ્રતિબંધિત કરાયેલા દેશોના નિયંત્રણ હેઠળ હોય અથવા તેમના માટે કામ કરતા હોય. એકવાર કોઈ કંપનીનું નામ આ લિસ્ટમાં આવી જાય, પછી અમેરિકાના નાગરિકો કે કંપનીઓ તે પ્રતિબંધિત કંપની સાથે કોઈપણ પ્રકારનો વેપાર કે નાણાકીય લેવડદેવડ કરી શકતા નથી. આ લિસ્ટને જરૂરિયાત મુજબ સમય-સમય પર અપડેટ કરવામાં આવે છે. અમેરિકન વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, OFAC વિભાગ દ્વારા નવો અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે. આ નવી યાદીની ખાસ વાત એ છે કે તેમાંથી માત્ર ૪ કંપનીઓને જ બ્લેકલિસ્ટમાંથી હટાવવામાં આવી છે અને આ ચારેય કંપનીઓ ભારતીય છે. બીજી તરફ, આ યાદીમાં ૯ નવી કંપનીઓનો ઉમેરો પણ કરવામાં આવ્યો છે, જેમાંની મોટાભાગની કંપનીઓ મેક્સિકોની છે. અમેરિકામાં ટેરિફ લગાવવાની શરૂઆત સાથે જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર રશિયાના મુદ્દે ભારતને સતત નિશાના પર લેતી રહી હતી. રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી કરવાના કારણે ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા સુધીનો ટેરિફ ઝીંકી દીધો હતો, જે સમગ્ર વિશ્વમાં સૌથી વધુ હતો. જો કે, ત્યારબાદ આ ટેરિફ ઘટાડવા માટે બંને દેશો વચ્ચે લાંબી ચર્ચાઓ અને વાટાઘાટો પણ થઈ હતી. હવે આ ૪ કંપનીઓ પરથી પ્રતિબંધ હટવો એ આગામી દ્વિપક્ષીય વેપાર કરાર માટે ખૂબ જ મોટો અને સકારાત્મક સંકેત છે.

### અમદાવાદની ગેલેક્સી બેરિંગ્સ સહિત ૪ કંપનીઓને 'સ્પેશિયલી ડેસિગ્નેટેડ નેશનલ્સ લિસ્ટ'માંથી મુક્ત કરાઈ : ભારત-અમેરિકા વચ્ચે વેપાર કરાર પર અંતિમ મહોર વાગવાની તૈયારીઓ વચ્ચે સકારાત્મક સંકેત

વેનેઝુએલામાં ભારતીય નાવિકના મોત બાદ વતન પહોંચેલા મૃતદેહે મચાવ્યો ભારે ખળભળાટ

# મગજ-હૃદય-ફેફસાં અને કિડની સહિતના અંગો ગાયબ!

## હાર્ટ એટેકનું બહાનું ધરીને મોકલેલી લાશમાં લીવર, આંતરડા, બરોળ, સ્વાદુપિંડ અને પેટ પણ ગૂમઃ શરીરે ગરદનથી ગુપ્તભાગ સુધી ૨૨ અને કાનથી કાન સુધી ૨૧ ટાંકાના નિશાન, ભારતમાં બીજી વાર પોસ્ટમોર્ટમ થતાં ભયાનક સત્ય બહાર આવતા ફોરવર્ડ સીમેન યુનિયન ઓફ ઈન્ડિયા (FSUI) સંગઠન લાલઘૂમ...

નવી દિલ્હી, તા.૧

દેશભરમાં તીવ્ર આક્રોશ, સનસનાટી અને ભારે ખળભળાટ મચાવી દેતા એક અત્યંત ચોંકાવનારા અને કંપારી છૂટી જાય તેવા આંતરરાષ્ટ્રીય અહેવાલમાં, ભારતીય નાવિક સંઘે વેનેઝુએલામાં એક ભારતીય નાવિકના રહસ્યમય સંજોગોમાં થયેલા વિવાદાસ્પદ મૃત્યુની નવેસરથી ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની ઉગ્ર અને મક્કમ માંગ કરી છે.

આ સાથે જ વેનેઝુએલાની સ્થાનિક ઓથોરિટી અને સત્તાવાળાઓ દ્વારા નાવિકનું મોત માત્ર હૃદયરોગના તીવ્ર હુમલા (મ્યોકાર્ડિયલ ઈન્ફાર્ક્શન) થી થયું હોવાના સત્તાવાર દાવા અને થિયરી પર ગંભીર પ્રશ્નાર્થો તેમજ શંકાઓ ઉઠાવવામાં આવી છે. ફોરવર્ડ સીમેન યુનિયન ઓફ ઈન્ડિયા (FSUI) નામના ભારતીય નાવિકોના આ શક્તિશાળી સંગઠને સત્તાવાર રીતે ચિંતા વ્યક્ત કરીને સનસનાટીપૂર્ણ આક્ષેપ લગાવ્યો છે કે, વેનેઝુએલાની સ્થાનિક શિપિંગ કંપનીમાં કાર્યરત ભારતીય નાવિક રાકેશ ચૌહાણનું ત્યાં રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું હતું.

આ ઘટના બાદ વેનેઝુએલાના અધિકારીઓ તરફથી કોઈપણ પ્રકારના અધિકૃત શબપરીક્ષણ (Autopsy) અહેવાલ કે અન્ય કોઈ તબીબી વિગતો આપ્યા વિના જ તેમના નશ્વર દેહને સીધો જ ઉત્તર પ્રદેશમાં આવેલા તેમના હોમટાઉન એટલે કે વતન મોકલી દેવામાં આવ્યો હતો. જો કે, મૃતકના પરિવારે આ આકસ્મિક મોતમાં કોઈ ઘોર કાવતરું હોવાની ગંભીર આશંકા વ્યક્ત કરીને ભારતમાં ફરીથી સત્તાવાર શબપરીક્ષણ કરવાની આગ્રહભરી માંગ કરી હતી. પરિવારની માંગ બાદ ભારતીય ભૂમિ પર જ્યારે સ્થાનિક ડોક્ટરો દ્વારા સત્તાવાર પોસ્ટ-મોર્ટમ કરવામાં આવ્યું ત્યારે રિપોર્ટમાં એક એવું ભયાનક, કલ્પના બહારનું અને રૂંવાડા ઊભા કરી દે તેવું કડવું સત્ય સામે આવ્યું છે કે રાકેશ ચૌહાણના આખા શરીરમાંથી એક પણ આંતરિક અંગ મૂળ જગ્યાએ મળ્યું જ નથી અને તમામ મહત્વપૂર્ણ અંગો સંપૂર્ણપણે ગાયબ થઈ ચૂક્યા છે!

યુનિયન દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરાયેલી ભારતીય દૂતાવાસની વિગતો અને ભારતમાં થયેલા સત્તાવાર સેકન્ડ પોસ્ટમોર્ટમ રિપોર્ટની ભયાનક વિગતો મુજબ, મૃતક નાવિકના શરીરમાંથી મગજ (Brain) ગૂમ છે, હૃદય (Heart) ગૂમ છે અને બંને ફેફસાં (Lungs) પણ પોતાની જગ્યાએથી ગાયબ છે. આટલું જ ઓછું હોય તેમ માનવ શરીરના સૌથી મુખ્ય ગણાતા આંતરિક અવયવો જેવા



કે લીવર, બંને કિડની, બરોળ (Spleen), સ્વાદુપિંડ (Pancreas), આખું પેટ અને આંતરડા પણ સંપૂર્ણપણે ગેરહાજર એટલે કે ખૂટેલા મળી આવ્યા છે. તબીબી તપાસમાં વધુમાં બહાર આવ્યું છે કે ગળાના ભાગે આવેલા થાઈરોઈડ, હાયોઈડ, કંઠસ્થાન અને શ્વાસનળી પણ શરીરમાં ક્યાંય હાજર નથી. યુનિયને ટ્વિટ કરીને અને સત્તાવાર નિવેદન આપીને વધુમાં ગંભીર આક્ષેપ કર્યો છે કે, નાવિકના મૃતદેહ પર અગાઉથી જ વ્યાપક અને મોટા પ્રમાણમાં ટાંકા લેવાયેલા જોવા મળ્યા હતા, જેમાં ગરદનથી શરૂ કરીને પ્યુબિક સિમ્ફિસિસ (ગુપ્તભાગ) સુધી લાઈનસર ૨૨ ટાંકા મારેલા હતા અને ખોપરીના ભાગે કાનથી શરૂ કરીને બીજા કાન સુધી કુલ ૨૧ ટાંકા લેવાયેલા હતા. પરંતુ સૌથી મોટી રહસ્યમય બાબત એ છે કે શરીર પર પોસ્ટમોર્ટમ થયા પહેલાની અન્ય કોઈ જ બાહ્ય કે આંતરિક ઈજાઓ બિલકુલ નોંધાઈ નથી. મૃત નાવિકના આ શરીરને લગભગ એક મહિના જેટલા લાંબા સમય સુધી ત્યાં અત્યંત ઠંડા ફ્રીઝરમાં સાચવીને રાખવામાં આવ્યું હતું, પરંતુ ભારતમાં તપાસ દરમિયાન તમામ મુખ્ય ભૌતિક અને આંતરિક અંગો જ ગેરહાજર મળી આવતા ડોક્ટરો માટે પણ મૃત્યુનું વાસ્તવિક અસલી કારણ (Cause of Death) નક્કી કરવું તદ્દન અશક્ય બની ગયું છે.

આ અતિ ગંભીર અને ભયાનક ઘટના પાછળ આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈ મોટી ખોટી રમત (Foul Play) અને સંભવિત ઢાંકપીછોડની ગંભીર આશંકાઓ સેવાઈ રહી છે, જેને લઈને નાવિક સંઘે તીવ્ર આક્રોશ વ્યકત કર્યો છે. બુધવારે જારી કરેલા એક કડક નિવેદનમાં યુનિયને સ્પષ્ટ કર્યું છે કે ચૌહાણનો આખો પરિવાર વેનેઝુએલાના તંત્ર પાસેથી અસલી ઓટોપ્સી રિપોર્ટ અને આ સમગ્ર કેસના સંચાલનમાં થયેલી ''ખૂબ જ હેરાન કરતી અને ચોંકાવનારી અનિયમિતતાઓ'' અંગે તાત્કાલિક સ્પષ્ટતા માંગી રહ્યો છે. FSUI એ તીખા સવાલો ઉભા કર્યા છે કે રાકેશ ચૌહાણના શરીરમાંથી આ તમામ કિંમતી અંગો ''પરિવારને સહેજ પણ અંધારામાં રાખીને, તેમને જાણ કર્યા વિના કે તેમની કોઈપણ પ્રકારની સંમતિ લીધા વિના'' કઈ રીતે અને શા માટે કાઢી લેવામાં આવ્યા? અને ભારતમાં બીજી વાર પીએમ કરવાની માંગ ન ઉઠી ત્યાં સુધી પરિવારને કથિત રીતે આટલી મોટી વિગતથી અજાણ કેમ રાખવામાં આવ્યા?

આ ઘટનામાં વહીવટી સ્તરે પણ ભારે ગોલમાલ હોવાના પુરાવા આપતા યુનિયને સત્તાવાર દસ્તાવેજોમાં મોટી વિસંગતતાઓનો પર્દાફાશ કર્યો છે. સંગઠનનો દાવો છે કે નશ્વર અવશેષો સ્વીકારવાની જે સત્તાવાર રસીદ બનાવવામાં આવી હતી, તેમાં ચૌહાણની પત્ની વતી ''રંજન ચૌરસિયા'' ના સાચા નામને બદલે ''અંજના ચૌરસિયા'' ના નામે તદ્દન ખોટી અને બનાવટી સહી કરવામાં આવી હતી.

આટલું જ નહીં, નાવિકના સત્તાવાર રોજગાર કરાર (Employment Contract) માં જે જહાજનું નામ દર્શાવવામાં આવ્યું હતું, તે જહાજ રાકેશ ચૌહાણ ખરેખર જે જહાજ પર પોતાની ફરજ બજાવી રહ્યા હતા તેની સાથે બિલકુલ મેળ ખાતું નથી, જે સીધેસીધું કોઈ મોટા કૌભાંડ તરફ ઈશારો કરે છે.

### ''નાવિકો આ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે બલિના બકરા ?

''આ બધી વિસંગતતાઓ ખોટી રમત અને સંભવિત ઢાંકપીછોડની ગંભીર શંકા ઉભી કરે છે, આખરે શું છુપાવવામાં આવી રહ્યું છે?'' તેવા સવાલો સાથે યુનિયને ''નાવિકો આ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે બલિના બકરા બની રહ્યા છે તે કોઈપણ ભોગે અસ્વીકાર્ય છે'' તેમ કહીને ત્રણ મુખ્ય માંગણીઓ સરકાર સમક્ષ મૂકી છે. જેમાં વેનેઝુએલાના અધિકારીઓ તરફથી સંપૂર્ણ તપાસ અને જવાબદારી નક્કી કરવામાં આવે, વેનેઝુએલામાં કાર્યરત ભારતીય દૂતાવાસ અને વિદેશ મંત્રાલય દ્વારા તાત્કાલિક ધોરણે હસ્તક્ષેપ કરીને ત્યાંથી અસલી અને સંપૂર્ણ શબપરીક્ષણ અહેવાલ મેળવવામાં આવે, તેમજ આ સમગ્ર ઘટનાની આસપાસના સંજોગોની તાકીદે સ્વતંત્ર તપાસનો આદેશ આપીને આ શોકગ્રસ્ત પરિવારને વ્યાજબી ન્યાય, જવાબદારી અને પૂરતું આર્થિક વળતર સુનિશ્ચિત કરવામાં આવે. યુનિયને અંતમાં ગર્જના કરતા ઉમેર્યું છે કે, આપણા દેશના નાવિકોના જીવન અને તેમની માનવ ગરિમા સાથે આ પ્રકારે આંતરરાષ્ટ્રીય સ્તરે આટલી હદ સુધી કઠોરતાથી વર્તાવ ક્યારેય ચલાવી લેવાશે નહીં.

# પાક વીમા યોજનાથી ગુજરાતના ખેડૂતો વંચિત : ગોહિલ

## રાજ્ય સરકારની ખેડૂત વિરોધી નીતિઓ પર શક્તિસિંહ ગોહિલના સણસણતા સવાલો

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં ખેડૂતોની કફોડી સ્થિતિ અને પાક વીમા યોજનાના અમલીકરણ મુદ્દે કોંગ્રેસે રાજ્યની ભાજપ સરકાર સામે આકરો મોરચો માંડ્યો છે. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMFBY) ગુજરાતમાં અમલમાં ન હોવાના કારણે કુદરતી આફતો વખતે ખેડૂતોને પારાવાર નુકસાન સહન કરવું પડી રહ્યું છે, તેવા ગંભીર આક્ષેપો સાથે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા અને દિગ્ગજ નેતા શક્તિસિંહ ગોહિલે રાજ્ય સરકારની નીતિઓનો પર્દાફાશ કર્યો છે. સમગ્ર દેશમાં ખેડૂતો કેન્દ્ર સરકારની પાક વીમા યોજનાનો લાભ લઈ રહ્યા છે, ત્યારે ગુજરાત જ એકમાત્ર એવું રાજ્ય છે જેણે વર્ષ ૨૦૧૯-૨૦ થી આ યોજના બંધ કરી દીધી હોવાનો ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. આ મુદ્દે કોંગ્રેસે રાજ્ય સરકાર પાસેથી સ્પષ્ટતા અને ખેડૂતો માટે ન્યાયની ઉગ્ર માંગ કરી છે.

આ મુદ્દે વધુ ખુલાસો કરતા



શક્તિસિંહ ગોહિલે પ્રેસ મીડિયા સમક્ષ કેન્દ્ર સરકારના કૃષિ મંત્રીના પત્રોની નકલો રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ખુદ કેન્દ્રીય કૃષિ મંત્રીએ ગત તા. ૨૫ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર લખીને તાકીદ કરી હતી. આ પત્રમાં કેન્દ્રીય મંત્રીએ સ્પષ્ટપણે વિનંતી કરી હતી કે દેશના લગભગ તમામ રાજ્યો કેન્દ્રની ખેડૂત પાક વીમા યોજનાનો લાભ લઈ રહ્યા છે, ત્યારે ગુજરાત સરકારે પણ તાત્કાલિક આ યોજના શરૂ કરવી જોઈએ. કમોસમી વરસાદ, કુદરતી આફતો અને અતિવૃષ્ટિના સમયે ખેડૂતોને આ વીમાનો મોટો આર્થિક ટેકો મળી શકે છે. તેમ છતાં, ગુજરાત સરકારે આ પત્ર અને કેન્દ્રની સૂચનાને અવગણીને આજ દિન સુધી આ યોજના રાજ્યમાં લાગુ કરી નથી.

ગત વર્ષે રાજ્યમાં પડેલા કમોસમી અને અતિભારે વરસાદના કારણે ખેડૂતોનો ઊભો પાક ધોવાઈ ગયો હતો. આ સંદર્ભે શક્તિસિંહ ગોહિલે ગત તા. ૫ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ રાજ્યસભામાં 'ઝીરો અવર' દરમિયાન ગુજરાતના ખેડૂતોના નુકસાન અને વળતરનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે માંગ કરી હતી કે કેન્દ્ર સરકારે ગુજરાતના ખેડૂતોને વળતર આપવું જોઈએ.

જેના જવાબમાં કેન્દ્ર સરકારે લેખિતમાં ચોંકાવનારી હકીકત જણાવી હતી કે, ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૯-૨૦ થી ખેડૂતોની કેન્દ્રની પાક વીમા યોજના (PMFBY) નો અસ્વીકાર કર્યો હોવાથી, કેન્દ્ર સરકાર ઈચ્છીને પણ ગુજરાતના ખેડૂતોને કોઈ વળતર આપી શકે તેમ નથી! શક્તિસિંહ ગોહિલે આ લેખિત જવાબને ટાંકીને રાજ્ય સરકારને આડે હાથ લેતા જણાવ્યું છે કે, રાજ્ય સરકારની ઉદાસીનતાના પાપે ગુજરાતના જગતના તાતને કેન્દ્રની સહાયથી હાથ ધોઈ બેસવાનો વારો આવ્યો છે અને આ જવાબ રાજ્ય સરકારની ખેડૂત વિરોધી નીતિ સામેનો સૌથી મોટો પુરાવો છે.

### અલ નીનો અને અનિશ્ચિત વરસાદ વચ્ચે ખેડૂતોના હિતમાં તાત્કાલિક નિર્ણયની માંગ

કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે ભારે ચિંતા વ્યક્ત કરી છે કે, વર્તમાન સમયમાં ચાલુ સિઝનમાં વરસાદની ભારે અનિશ્ચિતતા અને 'અલ નીનો' જેવી ગંભીર પરિસ્થિતિઓના મંડાણ થઈ રહ્યા છે. આવા સમયે ખેડૂતો પર ફરી એકવાર કુદરતી આફત અને પાક નુકસાનીનું મોટું જોખમ તોળાઈ રહ્યું છે. જો સરકાર દ્વારા સત્વરે કોઈ પગલાં લેવામાં નહીં આવે તો જગતનો તાત દેવામાં ડૂબીને પાયમાલ થઈ જશે. આથી, ગુજરાતના લાખો ખેડૂતોના વ્યાપક હિતમાં રાજ્ય સરકાર પોતાની હઠ છોડીને PMFBY યોજના તાત્કાલિક અસરથી પુનઃ અમલમાં મૂકે તેવી ઉગ્ર માંગ કરવામાં આવી છે.

પેલેસ રોડ પર બનાવઃ એ ડિવિઝનમાં ફરિયાદ

# સ્કોર્પિયોમાં આવેલા મીરાદે અને મકસુદનો સમીરાદે પર હુમલો

## કિન્નર સમીરાદેની રિક્ષા આંતરી બેરહેમીથી માર માર્યો : ભિક્ષાવૃત્તિ કરી પરત ફરતા કિન્નર અને તેના સાથીદારને આંતરો બે દિવસમાં જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી

રાજકોટ,તા.૧

શહેરમાં ભિક્ષાવૃત્તિ કરીને પોતાનું ગુજરાન ચલાવતા એક કિન્નર અને તેમના સાથીદારને પેલેસ રોડ જેવા ભરચક વિસ્તારમાં રસ્તા વચ્ચે આંતરી, કાળા રંગની સ્કોર્પિયો કારમાં આવેલા અન્ય કિન્નર સહિતના શખ્સોએ બેરહેમીથી માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પોલીસમાં નોંધાયેલી વિગત મુજબ, રામનાથપરા વિસ્તારમાં જુમ્મા મસ્જિદ ચોક પાસે આવેલી બોધાણી શેરીમાં રહેતા અને ભિક્ષાવૃત્તિનું કામ કરતા ૨૦ વર્ષીય કિન્નર સમીરા દે ગોપી દે તથા તેમના સાથીદાર ખુશ્બુ દે આજે સાંજના આશરે સાડા ચાર વાગ્યાની આસપાસ જ્યુબિલી ચોક ખાતેથી અમનભાઈની રિક્ષા નંબરઃ ઋઉં-૩૬-ઈ-૫૪૧૨માં અડધા દિવસનું ભાડું .૬૦૦ નક્કી કરીને બેઠા હતા. તેઓ રિક્ષામાં બેસીને કોઠારીયા મેઈન રોડ, હુડકો પોલીસ ચોકી પાસે અને આહીર ચોક તરફ જઈ રહ્યા હતા.

રિક્ષા જ્યારે પેલેસ રોડ પર આવેલા રામ શ્યામ ગોલાવાળાની દુકાન નજીક પહોંચી, ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે એક કાળા રંગની સ્કોર્પિયો કાર આવી હતી. આ કારના ચાલકે પોતાની ગાડી રિક્ષાની આગળ એકાએક આડી ઊભી રાખી દીધી હતી, જેથી રિક્ષાચાલક અમનભાઈએ બ્રેક મારી રિક્ષા ઊભી રાખવી પડી હતી. રિક્ષા ઊભી રહેતા જ સ્કોર્પિયોમાંથી મકસૂદ નામનો શખ્સ નીચે ઉતર્યો હતો અને કંઈ પણ પૂછ્યા વગર રિક્ષાચાલક અમન તથા ગુરુ ગોપી દે ના શિષ્ય એવા ફરિયાદી સમીરા દે ને ગમે તેમ ભૂંડી ગાળો આપવા લાગ્યો હતો. આ દરમિયાન કારમાંથી મીરા દે પણ નીચે ઉતરી હતી. મીરા દે એ આવીને ધમકી આપતા કહ્યું કે, ''હું તમને બંનેને બે દિવસમાં જોઈ લઈશ.'' આટલું કહી બંને આરોપીઓએ ફરિયાદી સમીરા દે સાથે ઉગ્ર ઝપાઝપી શરૂ કરી દીધી હતી અને જોરદાર ધક્કો માર્યો હતો, જેને કારણે સમીરા દે રિક્ષાની સાથે ભટકાઈ ગયા હતા. આરોપીઓએ ફરિયાદીને ઢીકાપાટુનો અને ધોલ-ધપાટનો બેરહેમ માર મારવાનું શરૂ કર્યું હતું. આ સમયે સમીરા દે ને વધુ મારથી બચાવવા માટે રિક્ષામાં સાથે બેઠેલા તેમના સાથીદાર કિન્નર ખુશ્બુ દે વચ્ચે પડ્યા હતા, પરંતુ ઉશ્કેરાયેલા હુમલાખોરોએ તેમને પણ ગમે તેમ બોલીને હડધૂત કર્યા હતા.

ભરબજારે બનેલી આ ઘટનાને પગલે આજુબાજુના સ્થાનિક લોકો અને રાહદારીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. લોકોનું ટોળું ભેગું થતાં જ હુમલાખોરો વધુ ઉશ્કેરાયા હતા અને ફરિયાદીને ધમકી આપતા જણાવ્યું હતું કે, ''હું બે દિવસમાં તારા ઘરે આવીને તને જાનથી મારી નાખીશ.'' ત્યારબાદ બંને આરોપીઓ મકસૂદ અને મીરા દે પોતાની કાળા રંગની સ્કોર્પિયો કાર લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. આ ચકચારી ઘટના બાદ ભયભીત થયેલા કિન્નર સમીરા દે ગોપી દે એ તાત્કાલિક એ-ડિવિઝન પોલીસ મથકે પહોંચી આપવીતી વર્ણવી ધોરણસરની ફરિયાદ નોંધાવી હતી. આ કેસની કાયદેસરની કાર્યવાહી અને વધુ તપાસ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી. વાય. મહંત ચલાવી રહ્યા છે. પોલીસે મકસૂદ અને મીરા દે વિરૂદ્ધ ગુનો નોંધી, આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે સ્કોર્પિયો કાર અને આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# અંડર-૧૮ મહિલા વોલીબોલ ટીમના કેપ્ટન રાજલ વાળા

ગાંધીનગર, તા.૧

ગુજરાતની યુવા વોલીબોલ સ્ટાર રાજલ વાળા (૧૬ વર્ષ) ની થાઈલેન્ડના નાખોન રાત્ચાસિમા ખાતે ૧ થી ૭ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન યોજાનારી ૧૬મી અટઈ એશિયન વિમેન્સ અંડર-૧૮ વોલીબોલ ચેમ્પિયનશિપ માટે ભારતીય અંડર-૧૮ મહિલા વોલીબોલ ટીમની કેપ્ટન તરીકે વરણી કરવામાં આવી છે. આ પ્રતિષ્ઠિત ચેમ્પિયનશિપમાં ભારતની ટીમમાં ગુજરાતની ત્રણ ખેલાડીઓ રાજલ વાળા, અર્પિતા વાઢેર અને ફોરમ કાગથરાની પસંદગી કરવામાં આવી છે. આ ત્રણેય ખેલાડીઓ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG) સંચાલિત નડિયાદ સ્થિત હાઇ પર્ફોર્મન્સ સેન્ટરનાં તાલીમાર્થીઓ છે, નડિયાદ સ્થિત આ એકેડેમી રમતગમતની પ્રતિભાઓને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે જ્વલંત સફળતા અપવવા માટે સતત પ્રયત્નશીલ છે.




ગીર-સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાના સરખડી ગામની રહેવાસી રાજલ વાળા એશિયાની સૌથી મજબૂત યુવા વોલીબોલ ટીમો સામે ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. અર્પિતા વાઢેર (૧૭ વર્ષ) ગીર-સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના વાવડી ગામની છે અને ફોરમ કાગથરા (૧૭ વર્ષ) અમરેલી જિલ્લાનાં વતની છે. આ ત્રણેય ખેલાડીઓ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG) હેઠળ તાલીમ મેળવી રહી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતની ત્રણેય વોલીબોલ ખેલાડીઓને ભારતીય ટીમમાં પસંદગી પામવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ચેમ્પિયનશિપમાં સફળ પ્રદર્શન માટે ભારતીય ટીમને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. આ પૂર્વે, ચેમ્પિયનશિપ માટે અંતિમ ટીમ નક્કી કરતા પહેલા વોલીબોલ ફેડરેશન ઓફ ઇન્ડિયા (VFI) દ્વારા રાષ્ટ્રીય કોચિંગ કેમ્પ માટે દેશભરમાંથી ૨૪ આશાસ્પદ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. ભારતીય ટીમમાં કેપ્ટન સહિત ગુજરાતની ત્રણ ખેલાડીઓનો સમાવેશ થવો, તે રાષ્ટ્રીય સ્તરે વોલીબોલ પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવામાં રાજ્યના વધી રહેલા વર્ચસ્વને રેખાંકિત કરે છે.

# રાજકોટમાં વરસાદી ઝાપટા ઠેર ઠેર પાણી ભરાયા

## શહેરમાં વરસાદની એન્ટ્રી વચ્ચે અસહ્ય ઉકળાટ અને બફારાથી શહેરીજનોએ લીધો પ્રથમ વરસાદનો લ્હાવો

રાજકોટ, તા.૧

રાજકોટ શહેરમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ ગઈ છે. અસહ્ય ઉકળાટ અને બફારા બાદ રાજકોટ શહેરમાં મેઘરાજાએ પધરામણી કરી છે. રાજકોટ શહેરના અનેક વિસ્તારોમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ શરુ થયો છે.

બપોર બાદ આકાશમાં કાળા ડિબાંગ વાદળો વચ્ચે વરસાદની શરુઆત થઈ હતી. શહેરના કાલાવડ રોડ, રેસકોર્ષ, યાજ્ઞિક રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. ધીમી ધારે વરસાદના કારણે કેટલીક જગ્યાએ રસ્તો પર પાણી ફરી વળ્યા હતા. વરસાદના કારણે લોકોને અસહ્ય ગરમી અને ઉકળાટથી રાહત મળી છે. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.



રાજકોટ શહેર સિવાય જિલ્લામાં પણ વરસાદી માહોલ જામ્યો છે. રાજકોટના જેતપુર અને ધોરાજી પંથકમાં પણ વરસાદ વરસ્યો છે. રાજકોટ જિલ્લાના ધોરાજી પંથકમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. બપોર બાદ ધોરાજીમા લાંબા સમયની રાહ બાદ મેઘરાજાનું આગમન થયું હતું. ધોરાજીના ગેલેક્સી ચોક, અવેડા ચોક, સ્ટેશન રોડ, જેતપુર રોડ, સરદાર ચોક, જમનાવડ રોડ, પોસ્ટઓફિસ ચોક સહિતના વિસ્તારમા વરસાદ વરસ્યો હતો. ધોરાજી શહેરમા મેઘરાજાનું આગમન થતા ધરતીપુત્રો ખુશ ખુશાલ થયા છે. ધોરાજી પંથકમા વરસાદની એન્ટ્રી થતા જે ખેડૂતોએ આગોતરા કરવામાં આવેલા વાવેતરને ફાયદો થશે. ધોરાજીમાં વરસાદ શરૂ થતા રોડ ઉપર પાણી વહેતા થયા હતા. વરસાદને લઈ વાતાવરણમા ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમીથી રાહત મળી છે.

દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી

હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ ૧થી ૫ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાત વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૫થી ૬ દિવસ દરમિયાન ચોમાસું વધારે સક્રિય રહેશે અને વરસાદની તીવ્રતામાં વધારો થવાની સંભાવના છે. ગુજરાતમાં ચોમાસું છેલ્લા એક અઠવાડિયાથી ધીમી ગતિએ આગળ વધી રહ્યું હતું તેમાં હવે ગતિમાં વધારો જોવા મળી રહ્યો છે.

ગુજરાતમાં ચોમાસું બરાબર જામ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૭૬ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે, જેમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે. નવસારીમાં સૌથી વધુ ૪.૫૩ ઈંચ વરસાદ ખાબક્યો છે.

# 'સહકાર સપ્તાહ' અંતર્ગત સફાઈ ઝુંબેશ

## સહકારી બેંકો, માર્કેટ યાર્ડ અને વિવિધ મંડળીઓના પદાધિકારીઓ-સભ્યોનું રેકોર્ડબ્રેક શ્રમદાનઃ પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ પરિસરનો અપાયો સંદેશ












રાજકોટ, તા.૧:

ભારત સરકારના સહકાર મંત્રાલયના વિશેષ આદેશ અને માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં સહકારી પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. જેના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં પણ તારીખ ૨૯ જૂનથી ૦૬ જુલાઈ ૨૦૨૬ દરમિયાન વિશેષ 'સહકાર સપ્તાહ' ની ભવ્ય ઉજવણીનું સુંદર આયોજન જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ), રાજકોટની કચેરી દ્વારા કરવામાં આવ્યું છે. આ સપ્તાહના ત્રીજા દિવસે એટલે કે આજે તા. ૧લી જુલાઈના રોજ જિલ્લાના સમગ્ર સહકારી માળખા દ્વારા મહાત્મા ગાંધીના સ્વચ્છતાના વિચારને ચરિતાર્થ કરતા ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન ઉત્સાહભેર હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ જાતે સાવરણો પકડીને શ્રમદાનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ વ્યાપક સફાઈ ઝુંબેશ માત્ર કોઈ એક કચેરી પૂરતી સીમિત ન રહેતા જિલ્લાના છેવાડાના ગામડાઓ સુધી પહોંચી હતી. જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના તમામ સ્ટાફ સહિત રાજકોટ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકની તમામ શાખાઓ, રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., રાજકોટ જિલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘ લી., જિલ્લાની તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ (માર્કેટ યાર્ડ), રાજકોટ-લોધિકા તાલુકા સહકારી ખરીદ વેંચાણ સંઘ લી. તેમજ છેવાડાના ખેડૂતો સાથે જોડાયેલી તમામ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ ના પદાધિકારીઓ, અધિકારીઓ અને સભ્યોએ પોતાના હોદ્દાનો છોછ બાજુ પર મૂકીને રેકોર્ડબ્રેક સંખ્યામાં હાજર રહીને શ્રમદાન કર્યું હતું.

'સ્વચ્છતા હી સેવા' ના આ ભગીરથ અભિયાન હેઠળ જિલ્લાભરની સહકારી બેંક શાખાઓના પરિસરો, ખેડૂતો અને વેપારીઓથી સતત ધમધમતા માર્કેટ યાર્ડ્સ, ગ્રામ્ય કક્ષાના દૂધ એકત્રીકરણ કેન્દ્રો અને અન્ય જાહેર સ્થળો પર સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ખાસ કરીને પર્યાવરણ માટે અત્યંત નુકસાનકારક એવા સિંગલ યુઝ પ્લાસ્ટિકના કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો. સહકારી ક્ષેત્રની સંસ્થાઓના આ સંયુક્ત અને સંગઠિત પ્રયાસોથી રાજકોટ જિલ્લાના નાગરિકોમાં સ્વચ્છતા અને જાહેર આરોગ્ય પ્રત્યે એક નવી જાગૃતિ આવી છે. માત્ર આર્થિક કે કૃષિ વિકાસ જ નહીં, પરંતુ સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવામાં પણ સહકારી ક્ષેત્ર હંમેશા અગ્રેસર રહે છે, તે આજના શ્રમદાન અને સફાઈ ઝુંબેશ થકી સાબિત થયું છે, જેની સમગ્ર પંથકમાં ભારે સરાહના થઈ રહી છે.

# આજી રિવરફ્રન્ટનો પ્રોજેક્ટ ચકનાચૂર?

## મહાનગરપાલિકા પ્રોજેક્ટ શરૂ કરવાના મૂડમાં ન હોય તેવા સંકેતો : પ્રોજેક્ટ અત્યંત ખર્ચાળ હોવાના કારણે અભેરાઈએ ચડાવ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ગણગણાટ



રાજકોટ, તા. ૧

મહાનગરપાલિકાના ઈતિહાસમાં ઘણા ખરા પ્રોજેક્ટ છે કે જે શરૂ થાય તે પહેલા જ અટકી પડ્યા હોય અથવા તો ખાસો સમય થઈ ગયો હોય છતાં પણ તેની અમલવારી ન થઈ હોય તેવો જ એક પ્રોજેક્ટ જેનાથી લોકોને ખૂબ વધુ આશા હતી તે આજી રિવરફ્રન્ટનો પ્રોજેક્ટ હવે કદાચ અમલી ન બને તેવી સ્થિતિનું નિર્માણ થયું છે સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા આડકતરી રીતે આજે રિવરફ્રન્ટ નો પ્રોજેક્ટ ખરા અર્થમાં શક્ય ન હોય તેવા સંકેતો પણ આપ્યા હતા કારણ કે ખૂબ વધુ સમય વીતી ગયો છતાં પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા અને કામ ખોરંભે ચડ્યું.

રાજકોટમાં પણ 'આજી રિવરફ્રન્ટ' બનાવવાની માંગ અને ચર્ચાઓ જોર પકડતી હોય છે. રાજકીય નેતાઓ અને તંત્ર દ્વારા અવારનવાર આ અંગેના આયોજનો અને સર્વેની વાતો પણ વહેતી મૂકવામાં આવે છે. પરંતુ જો ગ્રાઉન્ડ રિયાલિટી અને ટેકનિકલ પાસાઓનો બારીકાઈથી અભ્યાસ કરવામાં આવે, તો એક કડવું સત્ય સામે આવે છે રાજકોટમાં આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ વ્યવહારિક રીતે શક્ય નથી.

આજી નદી ચોમાસા સિવાયના મહિનાઓમાં સુકીભઠ્ઠ અથવા તો માત્ર ડ્રેનેજના ગંદા પાણીના વહેણ સમાન બની જાય છે. નદીમાં બારેમાસ પાણી રાખવા માટે કોઈ મોટો અને કાયમી સ્ત્રોત રાજકોટ પાસે ઉપલબ્ધ નથી. માત્ર ચોમાસાના થોડા દિવસો પૂરતા વહેણ માટે કરોડોનો ખર્ચ કરવો એ મૂર્ખામી ગણાશે.

આજી નદીના બંને કિનારાઓ પર વર્ષોથી ભારે અતિક્રમણ થઈ ચૂક્યું છે. હજારો પાકા મકાનો, ઝૂંપડપટ્ટીઓ અને કોમર્શિયલ બાંધકામો નદી કિનારે ગોઠવાઈ ગયા છે. આ તમામ લોકોને ત્યાંથી હટાવવા અને તેમનું પુનઃવસન કરવું એ વહીવટી તંત્ર માટે અશક્ય જેવું કામ છે. વળી, નદીનો પટ એટલો પહોળો અને સાનુકૂળ નથી જ્યાં મોટો આધુનિક રિવરફ્રન્ટ ડેવલપ થઈ શકે.

રાજકોટ શહેરની અડધાથી વધુ ગટર અને કેમિકલ યુક્ત પાણી સીધા કે આડકતરી રીતે આજી નદીમાં ઠલવાય છે. જ્યાં સુધી નદી શુદ્ધ ન થાય, ત્યાં સુધી રિવરફ્રન્ટનો વિચાર પણ નકામો છે. આ ગંદા પાણીને રોકવા માટે અબજો રૂપિયાના એસ.ટી.પી. અને નવી ડ્રેનેજ લાઈનો નાખવી પડે, જે હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ખૂબ જ જટિલ છે.

રિવરફ્રન્ટ જેવા મેગા પ્રોજેક્ટ પાછળ હજારો કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. રાજકોટ મહાનગરપાલિકા (છબઈ) પાસે હાલ પીવાના પાણી, રોડ-રસ્તા, ટ્રાફિક અને ડ્રેનેજ જેવી પ્રાથમિક સુવિધાઓ સુધારવાના અનેક પડકારો છે. આવા સમયે માત્ર દેખાડો કરવા માટે આજી રિવરફ્રન્ટ પાછળ પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા આંધવા કેટલા યોગ્ય?

સાબરમતી રિવરફ્રન્ટની નકલ કરવાની ઘેલછા છોડવી પડશે. વાસ્તવિકતા એ છે કે આજી નદીને આપણે રિવરફ્રન્ટ ન બનાવી શકીએ તો કાંઈ નહીં, પણ જો તેને માત્ર સ્વચ્છ, પ્રદૂષણમુક્ત અને અતિક્રમણ રહિત બનાવી દઈએ, તો પણ રાજકોટ માટે એ રિવરફ્રન્ટથી સહેજ પણ કમ નહીં હોય. સ્માર્ટ સિટી બનવા તરફ આગળ વધતા રાજકોટે વાસ્તવિક આયોજનો તરફ ધ્યાન આપવાની જરૂર છે, નહી કે અશક્ય સપનાઓ પાછળ દોડવાની! આજી રિવર ફ્રન્ટ યોજના હાલ પડતી મુકવા પાછળ એવુ કારણ આપવામા આવી રહ્યુ છે કે, હાલ વૈશ્વિક આર્થિક મંદીની હાલતમાં હજુ પણ સંભવત લાંબા સમય સુધી તેની અસર રહેશે. જેના લીધે કરકસર કરવી જરૂરી છે. કરકસર કરવામા આવે એ વાત બેશક આવકારદાયક છે. પણ સવાલ એ છે કે, કરકસર તો હવે શરૂ થઇ છે, આજી રિવર ફ્રન્ટના બમણા તો છેલ્લ એક દસકાથી ફૂંકવામા આવી રહ્યા છે.

# ડેપ્યુટી કલેક્ટરની જગ્યા તાકીદે ભરો

## કોંગ્રેસ આગેવાનોએ એડિશનલ કલેક્ટર ને પાઠવ્યું આવેદન : લોકોને પડતી મુશ્કેલી અંગે કર્યા માહિતગાર

રાજકોટ, તા. ૧

છેલ્લા ઘણા સમયથી રાજ્યની અનેક મુખ્ય સરકારી કચેરીઓમાં સ્ટાફનો અભાવ જોવા મળી રહ્યો છે અને તેના કારણે જે કામગીરી થવી જોઈએ તે થઈ શકતી નથી. ત્યારે રાજકોટમાં પણ વાત કરવામાં આવે તો વહીવટી વિભાગમાં ડેપ્યુટી કલેકટરોની અત્યંત મહત્વપૂર્ણ જગ્યાઓ છેલ્લા ઘણા સમયથી ખાલી છે અને હાલ તે ઇન્ચાર્જના હવાલે છે. આ વાતની ગંભીતાને ધ્યાને કોંગ્રેસ પક્ષે ગઈકાલે એડિશનલ કલેકટર સમક્ષ આવેદનપત્ર પાઠવ્યું હતું અને તાકીદે આ જગ્યા ભરવા માટે આહવાન કર્યું હતું. વધુમાં તેઓ જણાવ્યું હતું કે હાલ અધિકારીઓની ગેરહાજરીના કારણે જે કામગીરી થવી જોઈએ તે થઈ શકતી નથી અને લોકોને ભારે હાલાકીનો સામનો પણ કરવો પડી રહ્યો છે. જે રૂટીનમાં કાર્યો થવા જોઈએ તે પણ થતા નથી. સરકારના ધ્યાને આ તમામ મુદ્દાઓ હોવા છતાં કેમ યોગ્ય પગલાં લેવામાં ન આવે તે અંગે ઘણા ખરા પ્રશ્નો અત્યારથી જ ઉભા થઈ રહ્યા છે અને પરિણામ સ્વરૂપે ભાજપના સત્તાધીશોને ભાજપ સરકાર વિરુદ્ધ કોંગ્રેસે અને એક શાબ્દિક પ્રહારો પણ કર્યા હતા.



સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટ શહેર-જિલ્લામાં કલેકટર હસ્તકની કચેરીઓમાં ખાલી પડેલી ડે.કલેક્ટરોની જગ્યા તત્કાલ ભરવાની માંગણી સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલાની આગેવાની હેઠળ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અતુલભાઈ રાજાણી, એડવોકેટ અશોકસિંહ વાઘેલા, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, મેઘજીભાઈ રાઠોડ, જશવંતસિંહ ભટ્ટી, ગૌરવભાઈ પુજારા સહિતના આગેવાનોએ આજે અધિક કલેકટર બારોટને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરી હતી.

આ અંગે ગાયત્રીબા વાઘેલાએ જણાવ્યું હતું કે રાજકોટ શહેર-જિલ્લામાં છેલ્લા લાંબા સમયથી કલેક્ટર હસ્તકની અનેક કચેરીઓનો વહીવટ ઈન્ચાર્જથી ચલાવાય છે. જેમાં રાજકોટ શહેરની વાત કરીએ તો જુની કલેક્ટર કચેરીમાં પ્રાંત-૧, ૨ અને ૩ એમ ત્રણેય કચેરીઓનો વહીવટ ઈન્ચાર્જથી ચલાવવામાં આવી રહ્યો છે.

આવી જ રીતે રાજકોટ ગ્રામ્ય સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકનના ડે.કલેકટર અને ગોંડલના ડે. કલેકટરની જગ્યા પણ ખાલી છે. જેના કારણે વહીવટી તંત્ર ઈન્ચાર્જ અધિકારીઓના કારણે શીથીલતા અનુભવી રહ્યું છે. ડે.કલેકટર કક્ષાના અધિકારીઓના અભાવે આ કચેરીઓમાં અરજદારોના મહત્વના કામો ટલ્લે ચડી રહ્યા છે. આ ઉપરાંત મહત્વના ચૂકાદા આપવામાં અને કેસોનો ઝડપથી નિકાલ થઈ શકતો નથી.

તેઓએ વધુમાં જણાવેલ છે કે ભાજપ સરકાર અને રાજકોટ ભાજપની નબળી નેતાગીરીના કારણે રાજકોટને સતત અન્યાય થઈ રહ્યો છે. આ કચેરીઓમાં અધિકારીઓની જગ્યા ખાલી પડી હોય વહીવટી કામગીરી ખોરંભે પડી છે. ત્યારે જનહિતને ધ્યાને કલેકટર હસ્તકની આ કચેરીઓમાં વહીવટી અધિકારીઓની નિમણુંકને બહાલ કરવામાં આવે તે અતિ જરૂરી છે.

# પીપળીયા પાળના રહેવાસીઓ માળખાગત સુવિધાથી વંચિત

## કલેક્ટર કચેરી ખાતે ખૂબ મોટી સંખ્યામાં નોંધાવ્યો વિરોધઃ આંદોલનની ઉચ્ચારી ચીમકી

રાજકોટ, તા. ૧

રાજ્ય સરકાર અને ખાસ કેન્દ્ર સરકાર દ્વારા સ્થાનિક સ્તર પર લોકોને તમામ માળખાગત સુવિધાઓ મળતી રહે તે હેતુસર હાલ તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે પરંતુ ક્યાંક ને ક્યાંક યોગ્ય આયોજનના અભાવના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો પણ કરવો પડે છે. લોધિકા તાલુકાના પીપળીયા ગામ વિસ્તારમાં લોકોને હજુ પણ પાયાની સુવિધા મળી નથી અને આ વિસ્તારમાં લોકો હાલાકી નો સામનો કરતા નજરે પડ્યા છે. ત્યારે તેઓએ ગઈકાલે કલેક્ટર કચેરી ખાતે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

કલેકટર કચેરી ખાતે તેઓએ ઉગ્ર બોલા ચાલી અને ઉગ્ર રજૂઆત કરતા જણાવ્યું હતું કે પીવાના પાણી સહિત રોડ રસ્તા અને જે પ્રાથમિક સુવિધા મળવી જોઈએ તે છેલ્લા એક દસકા થી વધુ સમય વીતી ગયો છતાં મળી નથી ત્યારે તંત્ર દ્વારા કેમ કોઈ ગંભીર પગલા લેવામાં આવ્યા નહીં. આદર્શ રેસીડેન્સી, આનંદ રેસીડેન્સી, અવધ રેસીડેન્સી, ખોડલ રેસીડેન્સી, આદર્શ વિહાર સોસાયટી તેમજ અવધ સોસાયટીના ૧૦૦૦થી વધુ સ્ત્રી-પુરૂષોએ બાળકો સાથે વિરાટ રેલી કાઢી કલેકટર કચેરી ખાતે ઉમટી પડી હલ્લાબોલ કર્યો હતો અને આ મામલે અધિક કલેકટરને




આવેદનપત્ર સુપ્રત કરી ઉગ્ર રજુઆત કરી હતી.

પીવાનું શુધ્ધ પાણી, પાકા રસ્તા, સફાઈ, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, સ્ટ્રીટલાઈટ, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર સ્મશાન ભૂમિ સહિતની આ મૂળભુત નાગરીક સુવિધાઓ આપવા માટે અગાઉ લોધીકા મામલતદાર સહિત તંત્રવાહકોને અનેક વખત રજૂઆત કરવામાં આવેલ પરંતુ હજુ સુધી કોઈપણ જાતના પગલા તંત્રવાહકો દ્વારા લેવામાં આવેલ નથી. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને વહીવટી તંત્રની ફરજ છે કે દરેક નાગરીકને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે પરંતુ આ વિસ્તાર તરફ તંત્રવાહકો દ્વારા દુર્લક્ષ સેવાતુ હોય આ વિસ્તારના હજુ સુધી પાયાની સુવિધાઓ મળી શકી નથી.આ વિસ્તારની ઉપરોકત પાંચેય સોસાયટીઓના આંતરીક અને મુખ્ય રસ્તાઓને પાકા બનાવવામાં આવે, કચરા ગંદકીના નિકાલની કાયમી વ્યવસ્થા કરવામાં આવે, મુખ્ય માર્ગો અને જાહેર સ્થળો પર સ્ટ્રીટ લાઈટ લગાવવામાં આવે બાળકના શિક્ષણ માટે આંગણવાડી કેન્દ્ર અને આરોગ્ય કેન્દ્ર ઉપલબ્ધ કરાવવામાં આવે, અને સ્મશાન ભૂમિ માટે તત્કાલ જમીન ફાળવવામાં આવે તે અતિ આવશ્યક છે જો આ બાબતે તત્કાલ પગલા નહીં લેવાય તો ધરણા-આંદોલન કરવામાં આવશે તેવી ચેતવણી આપવામાં આવી હતી સાથોસાથ તેઓએ પીવાનું શુદ્ધ પાણી નિયમિત મળે, વિસ્તારના વિવિધ માર્ગોને પેવરથી મઢવામાં આવે તથા ગંદકી અને કચરાના નિકાલ માટે સફાઈની વ્યવસ્થા હાથ ધરાય સહિતની અનેકવિધ માંગણીઓ કરી હતી.

# મોરબી રોડ નજીક ૫૦૦ કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો મળ્યો

## ૧૦૦૦૦ રૂપિયાના દંડ સાથે મિલકત સીલ : સેમ્પલ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલાયું



રાજકોટ, તા. ૧

પેલા ઘણા સમયથી રાજકોટ મહાનગરપાલિકાની ફુડ શાખાની ટીમ દ્વારા તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે અને ખાસ તપાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે. જે પણ વિગ્રતાઓ દ્વારા ખાદ્ય ખોરાકનું વેચાણ યોગ્ય રીતે કરવામાં આવતું ન હોય અથવા તો લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થતા હોય તે તમામ પર આકરા પગલા લેવામાં આવી રહ્યા છે અને ખાસ મિલકતને સીલ કરવાની સાથો સાથ દંડ પણ ફટકારવામાં આવી રહ્યો છે. આવનારા દિવસોમાં હજુ આ ઝુંબેશ યથાવત રીતે ચાલુ રાખવામાં આવશે તેવું પણ જણાવ્યું છે. કારણકે વરસાદી ઋતુમાં આ પ્રકારના વેપારીઓ અખાદ્ય જથ્થાનો ઉપયોગ કરતા હોય છે અને લોકોના સ્વાસ્થ્ય ઉપર તેની સીધી જ અસર પહોંચે છે જે ન થાય તે માટે તંત્ર મેદાને આવ્યું છે.

રાજકોટ મહાનગરમાં ખાણીપીણી, દુધ, ઘી, પનીર, મસાલા સહિતની ખાદ્ય વસ્તુમાં મોટી ભેળસેળ રોકવા મોટુ અભિયાન મહાપાલિકાની ફુડ અને આરોગ્ય શાખા ચલાવી રહી છે. ગઈકાલે અર્ધો ડઝન જેટલી દુકાનો અને ડેરીઓ સીલ કરવામાં આવ્યા બાદ આજે મોરબી રોડ પર પુલ નજીક કાચી ઓરડીમાં ચાલતું શંકાસ્પદ પનીરનો કારોબાર પકડાયો હતો.

અહીંથી ૫૦૦ કિલો પનીરનો જથ્થો મળી આવતા તે સીઝ કરીને જગ્યાને સીલ કરી દેવામાં આવી છે. અહીં વેંચાતુ એનેલોગ પનીર (માન્ય) શુધ્ધ પનીરના નામે વેચાતુ હોવાથી આ કાર્યવાહી કરવામાં આવી હતી. અહીંથી સેન્ડવીચ પાર્લર, પીત્ઝાની લારીઓ સહિતની ખાણીપીણીની જગ્યામાં પનીર વેંચાણ કરીને પહોંચાડવામાં આવતું હોવાનું બહાર આવ્યાનું નાયબ આરોગ્ય અધિકારી ડો. હાર્દિક મેતાએ જણાવ્યું હતું.

આજે સવારે ફુડ શાખાએ મોરબી રોડ પુલ નજીક સેટેલાઇટ ચોક પાસે આશુતોષ માર્બલની બાજુમાં આવેલી ઓરડી જેવી જગ્યામાં દરોડો પાડયો હતો. પ્રકાશ પ્રવીણભાઇ હરસોડા નામના ધંધાર્થી અહીં કાચી ઓરડીમાં પનીરનું વેચાણ કરતા હતા. બાતમીના આધારે ચકાસણી કરવામાં આવતા અહીંથી શંકાસ્પદ લુઝ પનીરનો ૫૦૦ કિલો જથ્થો મળી આવ્યો હતો. આ તમામ જથ્થો સીઝ કરીને સેમ્પલ મેળવીને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ છે. આ એનેલોગ પ્રકારનું પનીર હોવાનું દેખાયું હતું.

આ જગ્યાએ પનીરના ધંધા માટે ફુડ લાયસન્સ તો નથી, પરંતુ પેઢી ઉપર કોઇ નામ પણ ન હતું તે અધિકારીઓના ધ્યાન પર આવતા અહીંથી બારોબાર પણ મોટા પાયે લુઝ પનીરનું વેંચાણ કઇ રીતે થતું હશે તે વિચારવા જેવી બાબત લાગતી હતી. મોરબી રોડ આસપાસની ખાણીપીણી બજારોમાં આવો માલ જતો હતો. શુધ્ધના નામે એનેલોગ પનીર વેંચાણ કરીને એક રીતે કાયદાનો ભંગ અને ગ્રાહકોને અંધારામાં રાખવામાં આવતા હોવાની પ્રવૃતિ થતી હતી.

આ દુકાનદારને રૂા.૧૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે અને પેઢી (ઓરડી) સીલ કરી દેવામાં આવી છે. વધુમાં નામ-સરનામા વગરની આ પેઢીને ઈમ્પ્રુવમેન્ટ માટે નોટીસ ફટકારવામાં આવી છે. રાજકોટમાં આ રીતે કોઇ પણ ખુણે દરોડા પાડવામાં આવે, બેફામ ભેળસેળ, બિનઆરોગ્યપ્રદ માલ, વાસી માલના વેંચાણ થતા હોવાનું બહાર આવતું રહે છે તે હકીકત છે.

શહેરની નામાંકિત બ્રાન્ડ્સ અને ખાણીપીણીના આઉટલેટ્સ પર ઓચિંતા ચેકિંગ દરમિયાન ૫૦૦ કિલોથી વધુ અખાદ્ય અને વાસી જથ્થો મળી આવતા આરોગ્ય વિભાગે કડક પગલાં લીધા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક દિવસોમાં ૪૦૦થી વધુ પેઢીઓમાં તપાસ કરીને ૨૯૦૦ કિલોથી વધુ અખાદ્ય ખોરાકનો નાશ કરાયો છે. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા વેપારીઓ સામે આ ઝુંબેશ હજુ પણ સતત ચાલુ રહેશે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# પદ-મોભો, પાવર સ્વાહા

## બેફામ બની જતા અધિકારીઓ રાજેન્દ્રની હાલત જોઈ આવે




સત્તા, પદ અને વહીવટી મોભો જ્યારે કોઈ વ્યક્તિના મગજ પર સવાર થઈ જાય છે, ત્યારે તે કાયદો અને નૈતિકતાની સીમાઓ ઓળંગી જતો હોય છે. સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલનો કિસ્સો આ વહીવટી અહંકાર અને તેના પતનનું જીવંત ઉદાહરણ છે. એક સમયે જિલ્લાના સર્વોચ્ચ વડા તરીકે સત્તાના આકાશમાં વિહરતા આ અધિકારી આજે હવામાંથી સીધા ધરતી પર પટકાઈ ગયા છે. પદના ગુમાનમાં ઓવર બની ગયેલા આ પૂર્વ કલેક્ટરને આજે કાયદાના સકંજા સામે જામીન મેળવવા માટે પણ ફાંફા પડી રહ્યા છે. તેમની ભૂતકાળની કોઈ રાજકીય ઓથ, વગ કે ઉચ્ચ સંપર્કો પણ આ કપરા સમયમાં કામ આવી રહ્યા નથી.

આ સમગ્ર ઘટનાક્રમ સરકારી તંત્રમાં વ્યાપેલા એવા ભ્રષ્ટ માનસની સમીક્ષા કરે છે જ્યાં અધિકારીઓ પોતાની જાતને કાયદાથી ઉપર સમજવા લાગે છે. નિષ્ઠાના સ્થાને વટ અને રોફ જમાવવાની માનસિકતા પ્રશાસનને અંદરથી ખોખલું કરે છે. રાજેન્દ્ર પટેલ પણ પદ અને પાવરમાં એટલા બેકાબૂ બની ગયા હતા કે તેમને કદાચ એવો ભ્રમ હતો કે કાયદો તેમનું કંઈ જ બગાડી શકે તેમ નથી. પરંતુ સત્તાનો નશો કાયમી હોતો નથી. અચાનક સમયનું ચક્ર ફર્યું, ગ્રહો બગડ્યા અને તેમનો બધો જ મોભો અને વૈભવ ક્ષણવારમાં સ્વાહા થઈ ગયા.

ચિંતાજનક બાબત એ છે કે જ્યારે કોઈ આઈએએસ સ્તરનો વહીવટી વડા ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપે છે ત્યારે સામાન્ય જનતાનો સરકારી વ્યવસ્થા પરથી વિશ્વાસ ઊઠી જાય છે. વહીવટી વડા તરીકે પ્રમાણિકતાથી કામ કરવાને બદલે પર્સનલ સ્વાર્થ અને કૌભાંડોમાં લિપ્ત થવું એ નૈતિક પતન દર્શાવે છે. અત્યારે કોર્ટે પણ તેમની જામીન અરજી નકારીને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે આર્થિક ગુનાઓ દેશના અર્થતંત્રને નુકસાન પહોંચાડે છે.

ઈડીના સકંજામાં આવેલા સીએલયુ કૌભાંડમાં કરોડોની લાંચના વહીવટ પર સીધી નજર રાખવી, પર્સનલ મોબાઈલમાં ઓફિશિયલ ફાઈલોના ૮૦૦ જેટલા ફોટા રાખવા અને પકડાઈ જવાના ડરે પુરાવાનો નાશ કરવા માટે ગુગલ પર નસ્ત્રવજ્ઞ્ર્ જ્ઞિં ચિતયર્ જ્ઞિફળતીક્ષલ જર૪ ગ્રહર્ફિસ્ત્રસ્ત્ર સર્ચ કરવું એ બાબત સાબિત કરે છે કે સત્તાના જોરે કેવા ગેરકાયદે કૃત્યો આચરવામાં આવતા હતા. પ્રશાસનમાં બેફામ બનીને વર્તતા અન્ય અધિકારીઓ માટે રાજેન્દ્ર પટેલની આ દયનીય હાલત એક બહુ મોટો બોધપાઠ છે.

# ૩.૬ કરોડ ગ્રાહકો, ૧૫૦૦ કરોડ લિટર વપરાશ

## ઈથેનોલ કેટલું સલામત છે?: હવે દેશના કરોડો લોકો ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનો ઉપયોગ કરી રહ્યા છે




નવીદિલ્હી, તા. ૧

ભારતમાં, પેટ્રોલ હવે ફક્ત પેટ્રોલ રહ્યું નથી. દેશભરમાં લાખો વાહનો ઈથેનોલ મિશ્રિત ઇંધણ પર ચાલે છે. સરકારનો દાવો છે કે આનાથી ક્રૂડ ઓઈલની આયાત પર નિર્ભરતા ઓછી થશે, ખેડૂતોની આવક વધશે અને પર્યાવરણને ફાયદો થશે. આ જ કારણ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ઈથેનોલ મિશ્રણનો ઝડપથી વિસ્તાર થયો છે. હવે, દેશમાં આશરે ૩૬ મિલિયન ગ્રાહકો ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનો ઉપયોગ કરે છે, અને વાર્ષિક વપરાશ ૧૫ અબજ લિટર સુધી પહોંચી ગયો છે. તે જ સમયે, જેમ જેમ ઈથેનોલનો ઉપયોગ ઝડપથી વધ્યો છે, તેમ તેમ સંબંધિત પ્રશ્નો પણ ઉભા થયા છે. લાખો વાહનો હવે ઊ૨૦ પર ચાલે છે, અથવા ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર ચાલે છે, ત્યારે આ પ્રશ્નોના જવાબો જાણવા મહત્વપૂર્ણ બની જાય છે. લોકોમાં ઉદ્ભવતા સામાન્ય પ્રશ્નો છેઃ શું ઈથેનોલ ખરેખર પેટ્રોલનો સારો વિકલ્પ છે? શું તે દરેક વાહન માટે સલામત છે? અને શું ભવિષ્યમાં ઈથેનોલ સંપૂર્ણપણે પેટ્રોલને બદલી શકે છે? ચાલો આ બધા પ્રશ્નોના જવાબોને સરળ શબ્દોમાં સમજીએ.

પહેલા, ચાલો સમજીએ કે ઈથેનોલ શું છે. સરળ શબ્દોમાં કહીએ તો, ઈથેનોલ એ એક પ્રકારનો આલ્કોહોલ (ઈથિલ આલ્કોહોલ) છે અને શેરડીના રસ, મોલાસીસ, મકાઈ અને અન્ય કૃષિ ઉત્પાદનોમાંથી ઉત્પન્ન થતો બાયોફ્યુઅલ છે. તે સરળતાથી જ્વલનશીલ બળતણ છે, તેથી તેને પેટ્રોલ સાથે ભેળવીને વાહનોમાં ઉપયોગમાં લેવાય છે. ઘણા દેશોમાં વર્ષોથી ઈથેનોલ-બ્લેન્ડ પેટ્રોલનો ઉપયોગ થઈ રહ્યો છે, અને ભારત પણ આ દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

ભારતે ૨૦૦૩ માં ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ (ઊઇઙ) શરૂ કર્યો હતો. શરૂઆતમાં, ૫% ઈથેનોલ પેટ્રોલ સાથે ભેળવવામાં આવતો હતો. બાદમાં તેને વધારીને ૧૦% કરવામાં આવ્યું હતું, અને હવે દેશમાં ૨૦% ઈથેનોલ-બ્લેન્ડ પેટ્રોલ (ઊ૨૦) ને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સરકાર માને છે કે આનાથી વિદેશી તેલ આયાત પર નિર્ભરતા ઓછી થશે, વિદેશી હૂંડિયામણ બચશે અને શેરડી અને મકાઈ જેવા કૃષિ ઉત્પાદનોની માંગ વધીને ખેડૂતોને ફાયદો થશે. આ જ કારણ છે કે ઈથેનોલને ભારતની ઉર્જા સુરક્ષાનો એક મહત્વપૂર્ણ ઘટક માનવામાં આવે છે. ઈથેનોલનો પુરવઠો ૨૦૧૩-૧૪ માં ૩૮૦ મિલિયન લિટરથી વધીને ૨૦૧૯-૨૦ માં ૧૭૩ મિલિયન લિટર થયો. પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ પણ ૧.૫૩% થી વધીને ૫% થયું છે.

સરકાર અને ઉદ્યોગના ડેટા અનુસાર, દેશમાં આશરે ૩૬ મિલિયન લોકો ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલનો ઉપયોગ કરી રહ્યા છે. ૨૦૨૪-૨૫માં ઈથેનોલનો વપરાશ આશરે ૧૫ અબજ લિટર સુધી પહોંચવાનો અંદાજ છે. સરકારનું કહેવું છે કે આનાથી વિદેશથી ક્રૂડ ઓઈલ ખરીદવાની જરૂરિયાત ઓછી થઈ છે, વિદેશી હૂંડિયામણની બચત થઈ છે અને તેલ આયાત પર નિર્ભરતા ઓછી થઈ છે.

# જનરલ ધીરજ શેઠ ૩૧મા આર્મી ચીફ

## સેનાને ટેકનોલોજી-સંચાલિત, ભવિષ્ય માટે આધુનિક બનાવવાનું વચન આપી વિજયનો આપ્યો મંત્ર



નવી દિલ્હી, તા.૧

૩૧મા આર્મી ચીફ તરીકેનો કાર્યભાર સંભાળતા, જનરલ ધીરજ સેઠે બુધવારે ભારતીય સેનાને ટેકનોલોજી-સંચાલિત, ભવિષ્ય માટે તૈયાર દળમાં આધુનિક બનાવવાનું વચન આપ્યું અને નસ્ત્રવિજયસ્ત્રસ્ત્ર નામ હેઠળ તેમના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણની રૂપરેખા આપી હતી. જેમાં સતર્કતા, નવીનતા, સંયુક્તતા, આત્મનિર્ભરતા અને સૈનિકોને પ્રાથમિકતા આપવા પર ભાર મૂકવામાં આવ્યો. જનરલ સેઠે કહ્યું કે ભારતીય સેનાનું નેતૃત્વ કરવું એ નસ્ત્રગૌરવ અને નમ્રતાસ્ત્રસ્ત્ર ની વાત છે અને નસ્ત્રફરજ, સન્માન અને રાષ્ટ્ર પ્રથમસ્ત્રસ્ત્ર ના આદર્શો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.તેમણે કહ્યું કે સશસ્ત્ર દળો માટે વ્યક્ત કરાયેલ નસ્ત્રવિજયસ્ત્રસ્ત્ર ના માર્ગદર્શક સિદ્ધાંત ભારતની સફળતાનો પાયો બનાવે છે અને વિજય તરફ દોરી જશે, અને ઉમેર્યું કે નસ્ત્રજય વિજય તરફ દોરી જાય છે.

મારું માનવું છે કે પ્રધાનમંત્રી દ્વારા સશસ્ત્ર દળો માટે દર્શાવેલ માર્ગદર્શક સિદ્ધાંત, જે પવિજયથ નામના ટૂંકાક્ષરમાં સમાયેલ છે, તે આપણી સફળતાનો પાયો બનાવે છે અને આપણને ચોક્કસપણે વિજય તરફ દોરી જશે.

આ દ્રષ્ટિકોણને સમર્થન આપવું મારા માટે એક વિશેષાધિકાર છે. પજયથ પવિજયથ તરફ દોરી જાય છે; જય હિંદ અને જય ભારત,સ્ત્રસ્ત્ર જનરલ સેઠે ઉમેર્યું.તેમણે રાષ્ટ્રની સેવામાં પોતાના જીવનનું બલિદાન આપનારા સૈનિકોને પણ શ્રદ્ધાંજલિ આપી અને પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રીનો તેમનામાં વિશ્વાસ મૂકવા બદલ આભાર માન્યો.

ભારતીય સેનાના ૩૧મા આર્મી ચીફ ઓફ આર્મી સ્ટાફનું પદ સંભાળવું મારા માટે ગર્વ અને નમ્રતાની વાત છે. હું પફરજ, સન્માન અને રાષ્ટ્ર પ્રથમથ ના આદર્શો પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતા સાથે આ જવાબદારી સ્વીકારું છું.

હું પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રીનો મારામાં વિશ્વાસ મૂકવા અને ભારતીય સેનાનું નેતૃત્વ કરવાનું સન્માન અને જવાબદારી સોંપવા બદલ આભાર વ્યક્ત કરું છું. હું રાષ્ટ્રની સેવામાં સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુર સૈનિકોને પણ મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું; તેમની હિંમત, ફરજ પ્રત્યેની નિષ્ઠા અને નિઃસ્વાર્થ સમર્પણ ભવિષ્યની પેઢીઓને પ્રેરણા આપતા રહેશે,સ્ત્રસ્ત્ર આર્મી ચીફે કહ્યું.સ્ત્રસ્ત્ર...આ વિકસતા સુરક્ષા વાતાવરણના પડકારોનો સામનો કરવા માટે, આપણે સેનાના આધુનિકીકરણને નવા જોશ અને દ્રઢ સંકલ્પ સાથે આગળ વધારવું જોઈએ. અમારો ઉદ્દેશ્ય એક ટેકનોલોજી-સક્ષમ, ભવિષ્ય માટે તૈયાર સેના બનાવવાનો છે જે દરેક રીતે સશક્ત હોય અને બહુવિધ ક્ષેત્રોમાં કાર્ય કરવા સક્ષમ હોય. આ ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને અને પપરિવર્તનના દાયકાથ હેઠળ સંરક્ષણ પ્રધાન દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શનમાંથી પ્રેરણા લઈને, મેં મારા મુખ્ય ધ્યાન ક્ષેત્રોને ઓળખ્યા છે.

# અયોધ્યા રામ મંદિર જમીન ખરીદી વિવાદ

## ૨૦૨૧ના સોદા અંગે ફરી પ્રશ્નો ઉભા થયા



નવીદિલ્હી, તા. ૧

અયોધ્યામાં ચાલી રહેલા પ્રસાદ ચોરી કૌભાંડ વચ્ચે, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ સાથે સંકળાયેલો જમીન ખરીદીનો કેસ ફરી ચર્ચામાં આવ્યો છે. માર્ચ ૨૦૨૧નો આ કેસ રામ મંદિર સંબંધિત સૌથી જૂના વિવાદિત જમીન સોદાઓમાંનો એક માનવામાં આવે છે. આ કેસના ઘણા પાસાઓ અગાઉ જાહેર ચર્ચાનો વિષય રહ્યા છે. દસ્તાવેજો અનુસાર, ૧૮ માર્ચ, ૨૦૨૧ના રોજ પ્રથમ રજિસ્ટ્રીમાં, જમીનમાલિક કુસુમ પાઠકે પોતાની જમીન સુલતાન અંસારી અને રવિ મોહન તિવારીને વેચી દીધી હતી. જમીન માત્ર ₹૨ કરોડ (આશરે ₹૨ કરોડ) માં સૂચિબદ્ધ કરવામાં આવી હતી. જો કે, રજિસ્ટ્રી રેકોર્ડ્સ દર્શાવે છે કે તે જ જમીન માટે સરકારી સર્કલ રેટ ₹૫૭.૯ મિલિયન (₹૫૮.૪ મિલિયન) હતો. આનો અર્થ એ થયો કે જાહેર કરાયેલ વેચાણ કિંમત સરકારી મૂલ્યાંકન કરતા નોંધપાત્ર રીતે ઓછી હતી. પ્રથમ રજિસ્ટ્રી પર આશરે ₹૪૦.૫૫ લાખ (આશરે ₹૪૦.૫૫ લાખ) ની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાં આવી હતી, અને દસ્તાવેજ અયોધ્યાના સદર સ્થિત સબ-રજિસ્ટ્રાર ઓફિસમાં નોંધાયેલ હતો. થોડા કલાકોમાં, બીજી રજિસ્ટ્રી કરવામાં આવી, જેનાથી કિંમત વધીને ₹૧૮૫ મિલિયન (₹૧૮૫ મિલિયન) થઈ ગઈ.

બીજી રજિસ્ટ્રીમાં સૌથી મહત્વપૂર્ણ પ્રશ્નો ઉભા થયા. થોડા સમય પછી, તે જ દિવસે, તે જ જમીન બીજા સોદામાં વેચાઈ ગઈ. આ વખતે, ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયનું નામ ખરીદનાર તરીકે ઉભરી આવ્યું. તે જ દિવસે બીજા સોદામાં, તે જ જમીનની કિંમત ₹૧૮૫ મિલિયન (૧૮૫ મિલિયન રૂપિયા) નોંધાઈ.

થોડા કલાકોમાં, જમીનની કિંમત ₹૨ કરોડ (૨૦ મિલિયન રૂપિયા) થી વધીને ₹૧૮૫ મિલિયન (૧૮૫ મિલિયન રૂપિયા) થઈ ગઈ. બંને સોદા વચ્ચે આશરે ₹૧૬૫ મિલિયન (૧૬૫ મિલિયન રૂપિયા)નો તફાવત વિવાદને જન્મ આપ્યો. શરૂઆતમાં તે જ વ્યક્તિ ખરીદનાર હતો, પછી થોડા કલાકો પછી વેચનાર. સુલતાનને કેવી રીતે ખબર પડી કે આ જમીન થોડા કલાકોમાં કરોડોમાં વેચાઈ જશે?

દસ્તાવેજો અનુસાર, સુલતાન અંસારી, જે પહેલા સોદામાં ખરીદનાર હતો, તે બીજા સોદામાં વેચનાર તરીકે દેખાયો. બંને રજિસ્ટ્રી દસ્તાવેજો પર કુસુમ પાઠક, સુલતાન અંસારી અને રવિ મોહન તિવારીના હસ્તાક્ષર છે. રવિ મોહન તિવારીનું ભવ્ય મકાન પણ આ સોદા પછી પૂર્ણ થયું હતું. પહેલાં, તે નીચલા મધ્યમ વર્ગની શ્રેણીમાં હતું. બીજી રજિસ્ટ્રીમાં ટ્રસ્ટીનું નામ સાક્ષી તરીકે પણ જાહેર કરવામાં આવ્યું હતું, જેનાથી સોદાનું ધ્યાન વધુ ખેંચાયું હતું. આ સમગ્ર વ્યવહાર અંગે ઘણા ગંભીર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

આ મામલો નવો નથી. ૨૦૨૧ માં, વિરોધ પક્ષો, ખાસ કરીને સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ અને હવે આમ આદમી પાર્ટીએ રામ મંદિર ટ્રસ્ટની જમીન ખરીદી પ્રક્રિયા અને પારદર્શિતા પર પ્રશ્નો ઉઠાવ્યા હતા, અને દાન ચોરીની ઘટના બાદ ફરીથી પ્રશ્નો ઉઠાવ્યા છે. તે સમયે, ટ્રસ્ટે જણાવ્યું હતું કે જમીન ખરીદી બધી કાનૂની પ્રક્રિયાઓનું પાલન કરે છે અને બજારની સ્થિતિના આધારે કિંમત નક્કી કરવામાં આવી હતી. પરંતુ હવે, આ જૂનો મુદ્દો ફરી એકવાર સમાચારમાં છે, અને પ્રશ્નો બાકી છે. શું રામ મંદિરના નામે આ જમીન ખરીદી અંગે બધું નિયમો અનુસાર હતું, કે તપાસમાં નવા તથ્યો બહાર આવશે?

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## તપસ્વિભ્યોડધિકો યોગી..એ શ્લોકમાં ભગવાન યોગેશ્વર યોગીની કંઈ વ્યાખ્યા પ્રસ્તુત કરે છે



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણી સંસ્કૃતિમાં જપ, તપ વ્રત બધાંનો ખૂબ મહિમાં છે. ઉનાળો એટલે તાપ નો મહિનો અને તપનું બહુવચન જાણે તાપ હોય એમ ઈશ્વર સામુહિક તપ કરાવવાં ઈચ્છતો હોય એવું લાગે છે! આવાં ઉનાળાનો તાપ સહન કરવો એ ખરેખર એક તપ જ છે! અને એ પણ અમદાવાદની તો ખતરનાક! ધીરેધીરે જેઠ મહિનો પણ ઉતરાર્ધ તરફ આગળ વધી રહ્યો છે, એકદંરે હવે તો આઠ મહિના તાપ નાં જાય છે! તાપ પછી વરસાદમાં વ્રતનાં દિવસો એટલે કે અષાઢ અને શ્રાવણમાં વ્રત! અને શિયાળે સુકાં હવામાનમાં ભીંજાયેલા રહેવાં જપ! જોકે ભારત જેવો આટલી મોટી વસ્તી ધરાવતો દેશ, સામાન્ય વર્ગ કે શ્રમજીવી વર્ગથી ભરેલો છે! અને એને નસીબે બહાર પ્રકૃતિનો તાપ અને અંદર કોઈ ને કોઈ સંતાપ! તાપ અને સંતાપની સંકડામણ એ પણ એક તપ જ છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ ગીતામાં કહે છે, કે સંસારીઓ માટે તો તાપ અને સંતાપ વચ્ચે સ્થિર અને સમ રહેવું એ જ શ્રેષ્ઠ છે! એટલે કે આંતર બાહ્ય પ્રકૃતિમાં મનોભાવનું સંકલન કરી જીવનને સુંદર તાલથી લય બદ્ધ કરવું! પણ આપણાથી એ થતું નથી, માટે જ વારંવાર ભગવાનની વાત સમજવા ભગવત ગીતાનો સહારો લેવો પડે છે. તો આજે મંગળવારે ગીતા જ્ઞાનમાં છઠ્ઠા અધ્યાયનાં ૪૬ માં શ્લોકનો ભાવાર્થ સમજીએ.

*તપસ્વિભ્યોડધિકો યોગી જ્ઞાનિભ્યોડપિ મતોડધિકઃમ
કર્મિભ્યશ્ચાધિકો યોગી તસ્માદ્ યોગી ભવાર્જુન. ૪૬.

યોગી તપસ્વી કરતાં શ્રેષ્ઠ છે, માત્ર શાસ્ત્રોનું ગહન જ્ઞાન ધરાવતાં પંડિત કરતાં પણ શ્રેષ્ઠ છે અને ફળની ઈચ્છાથી કર્મ કરનાર કરતાં પણ શ્રેષ્ઠ છે. તેથી, હે અર્જુન! તું યોગી બન.

**યોગી, આ શ્લોકમાં ભગવાન યોગીને અન્ય ત્રણ કક્ષા કરતાં ઉચ્ચ બતાવે છે, એટલે સર્વ પ્રથમ યોગી વિશે સ્પષ્ટતા કરીએ. ગીતાની રચના રણ મધ્યે થઈ છે, અને એ પણ અર્જુન જ્યારે યુદ્ધ કરવાની ના પાડે છે ત્યારે! એટલે કે અહીં કોઈ આસન લગાવીને બેઠેલા સાધકનાં યોગ પ્રાણાયામની વાત તો નથી જ! કારણકે ભગવાન ને અર્જુન પાસે આ યુદ્ધ કરાવવું છે, અને ધર્મ નો વિજય પણ કરાવવો છે. યોગીની સહજ ક્રિયા કંઈ છે! ઈશ્વર સાથે યોગ દ્વારા જોડાયેલાં રહેવું. હજી સુક્ષ્મ કાંતીએ તો ઈશ્વર સાથે જોડાયેલાં રહેવું એટલે કે એની બનાવેલી દુનિયામાં ઈશ્વરની ઈચ્છા મુજબ જીવવું! હરક્ષણ પોતે કંઈક કરી રહ્યાં છે ની બદલે નિમિત્ત માત્રનાં ભાવે જીવવું! અને એનાં વ્યાપક સ્વરુપમાં એનાં દર્શન કરી સૌની સાથે સહૃદય સંબંધ બાંધી જીવવું! અને સહજતાથી ઈશ્વર ઈચ્છા સ્વીકારવીને, અને પોતાની સારી ખરાબ નિયતી અપનાવી શકે એ યોગી.

**તપસ્વિભ્યોડધિકઃ તપસ્વિભ્યઃ + અધિકઃ તપથી પણ જેની મહત્તા વધુ છે, એવી શ્રેણીમાં યોગી આવે છે, એવું ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે. તપને ઈશ્વર પ્રાપ્તિ માટેનું બહુ મોટું સાધન માનવામાં આવે છે, અને આપણે પુરાણોમાં ઉલ્લેખ જોઈએ છીએ કે, આ ઋષિ એ આટલાં હજાર વર્ષ તપ કર્યું! આ રાક્ષસે આટલું તપ કર્યું વગેરે! અને છતાં ભગવાન પોતે જ કહે છે કે તપસ્વી કરતાં યોગી અધિક શ્રેષ્ઠ છે, કારણ કે તપસ્વીનું ઈશ્વર પ્રાપ્તિ માટે નહીં, પણ અન્ય સાધન કે સિદ્ધિ નું કારણ હોય છે, અને ઈશ્વર પ્રસન્ન થાય ત્યારે તે વરદાન માંગે છે! જ્યારે યોગીની એવી કોઈ સિદ્ધિની માંગ નથી હોતી.

**જ્ઞાનિભ્યોડપિ. જ્ઞાનિભ્યઃ + અપિ, એટલે કે જ્ઞાનથી પણ અધિક. જ્ઞાનનું મહત્વ તો ખૂબ છે! અને સાચું જ્ઞાન એટલે કે ઈશ્વર જ સર્વોપરી છે, અને પ્રત્યેક જીવમાં એનો નિવાસ છે, અને જન્મ મૃત્યુની રમત રમવા ઈશ્વર ઈચ્છાએ જ આવ્યો છે, અને આવું જ્ઞાન પ્રાપ્ત કરે એ જ યોગી બની જીવી શકે! પરંતુ અહીં શાસ્ત્રોનાં જ્ઞાનની વાત છે! એટલે વેદ ઉપનિષદ નાં પાઠ નું નિત્ય અધ્યયન કરનારા એની ચર્ચા કરનારા કે શાસ્ત્રોને કંઠસ્થ કરનાર કરતાં અધિક શ્રેષ્ઠ છે એવું ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે.

**કર્મિભ્યશ્ચાધિકઃ કર્મિભ્યઃ + ચ + અધિકઃ કોઈ ને કોઈ રીતે ક્રિયા, કાર્ય, અને કર્મ આ ત્રણ આયામ માં જીવનું સતત વિચરણ છે! આપણી ઈચ્છા હોય કે ન્હોય કાન શ્રવણ કરે જ છે, આંખ દર્શન કરે, જીભ બોલે, અને નાકને સુગંધ કે દુર્ગંધ નો અનુભવ થાય! હાથ પગ પણ પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરે! અને ક્રિયા પ્રતિક્રિયા ના દ્વન્દ્વ માં જીવ જાણ્યે અજાણ્યે જીવ સારું ખરાબ કાર્ય કરી બેસે! અને એમ કર્મ બંધનની માયા જાળમાં ફસાય છે. પરંતુ યોગી એ જ છે જે અહમ ને કાબુમાં રાખી શકે છે, કારણ કે એને હરક્ષણ એ યાદ રહે છે કે પોતે તો નિમિત્ત માત્ર છે, અને એટલે જ એ પાપ પુણ્યથી મુક્ત છે, એને એનાંથી બચવા કોઈ સત્કર્મ કે ક્રિયાકાંડ કરવાની જરૂર નથી! પણ એ સૌમાં ઈશ્વરનાં દર્શન કરી લોક કલ્યાણનાં કાર્યો કરે છે.

આપણે સૌ જાણીએ છીએ કે ઈશ્વર ઈચ્છતો જ નથી કે આપણે બધાં સંન્યાસ લઈ અને વૈરાગી જીવન જીવીએ! એવું હોત તો આટલી રસ દાયક વસ્તુઓનું નિર્માણ કર્યું જ ન્હોત! પરંતુ બસ એ ભોગ રસમાં સતત ઓતપ્રોત થઈને જીવવાનું નથી, અને એથીય વધુ પ્રત્યેક જીવનો અહીં સમાન અધિકાર છે અને અમુક પ્રાથમિક સત્યને સ્વીકારવું એટલે જ અન્યમાં હરિ દર્શન તરફની દ્રષ્ટિ જે એને યોગી ઉપલબ્ધિ અપાવે છે અને એટલે જ અહીં ભગવાન યોગી નો અર્થ કરતાં કહે છે કે જે પોતાના મનને સંયમમાં રાખીને, અન્ય સાથે સમતા ભાવથી અને ઈશ્વર સાથે જોડાઈને જીવન જીવે છે,એ યોગી. આધ્યાત્મિક રીતે સમજીએ તો તપ માત્ર શરીરને કષ્ટ આપવાનું નામ નથી, અને જ્ઞાન માત્ર પુસ્તકોનું વાંચન કે ચર્ચા સુધી મર્યાદિત નથી! તેમજ કર્મ માત્ર વિધિપૂર્વકના કાર્ય કરવાથી પૂર્ણ થતું નથી.આ ત્રણેય તત્વ જીવ પ્રેરક નહીં પરંતુ વ્યાપક ઈશ્વરની પરિકલ્પનાથી સુમેળ સાધે ત્યારે જ મન ઈશ્વરમાં સ્થિર થાય, ચિત્ત શુદ્ધ બને અને જીવનમાં સમત્વ આવે, અને એ યોગી છે.

આથી અહીં યોગનો અર્થ માત્ર આસન અથવા પ્રાણાયામ નથી, પરંતુ મન, બુદ્ધિ અને આત્માને પરમાત્મા સાથે જોડીને જીવવાની સ્થિતિ છે. એવો યોગી તપ, જ્ઞાન અને કર્મ ત્રણેયના ઉત્તમ ફળને પ્રાપ્ત કરે છે. છઠ્ઠા અધ્યાયનાં અંતિમ શ્લોકમાં ભગવાન યોગની પરાકાષ્ઠા તરીકે ભક્તિયોગનું ગૌરવ દર્શાવે છે. આપણે સૌ આ રીતે યોગી બધીને જીવન સંવારી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારાં આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ચાર દિવસ પહેલા મિત્રો સાથે રાજસ્થાન જવાનું કહીને નીકળ્યો, પરિવારને મૃતદેહ સ્વરૂપ મળ્યો

# જયની લાશ તળાવમાંથી મળતાં સર્જાયા ભેદભરમ

જે મિત્રો સાથે ગયો હતો તેમાં એક છાપેલ કાટલા સમાના જેનીશ મહાજન સામેલઃ જેનીશ અને બીજા બે મિત્રોએ કહ્યું-અમારો કો'ક પીછો કરતાં હોઈ કાર ભગાવી પરાપીપળીયા પહોંચ્યાઃ અહિ રસ્તો બંધ હોઈ કાર રેઢી મુકી ભાગ્યાઃ એ વખતે જય તળાવમાં પડી ગયો હતોઃ સાચી વિગતો ઓકાવવા ક્રાઈમ બ્રાંચ-ગાંધીગ્રામ પોલીસની કવાયતઃ મૃત્યુ પામનાર યુવાન વિધવા માતાનો એકનો એક આધારસ્તંભ હતો







રાજકોટ:,તા.૧

શહેરના ગોંડલ રોડ પર માલવીયા કોલેજ પાછળ આવેલી પંચશીલ સોસાયટીમાં રહેતો બાવીસ વર્ષનો યુવાન તેના ત્રણ મિત્રો સાથે રાજસ્થાન ફરવા જાય છે તેમ કહીને ત્રણ દિવસ પહેલા નીકળ્યા બાદ આ યુવાનની લાશ જામનગર રોડ પર પરાપીપળીયાના તળાવામાંથી મળી આવતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. ભાગતી વખતે અકસ્માતે તે તળાવમાં પડી ગયાની સ્ટોરી તેના ત્રણ સાથી મિત્રોએ કરી હતી. પણ આ મિત્રોમાં એક ગુનેગારની છાપ ધરાવતો હોઇ પરિવારે મૃત્યુ અંગે શંકા દાખવતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું હતું.

વિગતો પર નજર કરીએ તો વર્ષનો આહિર પરિવારનો યુવાન ત્રણ દિવસ પહેલા પોતાના મિત્રો સાથે રાજસ્થાન ફરવા જવાનું કહીને નીકળ્યા બાદ ગઇકાલે વહેલી પરોઢે તે જામનગર રોડ પર પરાપીપળીયા ગામના તળાવમાં પડી ગયાની જાણ તેના મિત્રએ આ યુવાનના પરિવારને કરતાં પરિવારજનો પોલીસને અને ફાયર બ્રિગેડને જાણ કરી પરાપીપળીયાના તળાવ ખાતે પહોંચ્યા હતાં. ફાયર બ્રિગેડના તરવૈયાઓ દ્વારા ચોવીસ કલાકની શોધખોળ બાદ બુધવારે સવારે આ યુવાનની તળાવમાંથી લાશ મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તે જેની સાથે ગયો હતો તે મિત્રોમાં એક હર્ષદ મહાજનનો દિકરો છે. આ મિત્રો તરફ પરિવારે શંકા દર્શાવતા ક્રાઇમ બ્રાંચે ત્રણેયની વિસ્તૃત પુછતાછ કરી હતી. જો કે મૃતકના આ મિત્રોએ અજાણ્યા શખ્સો પીછો કરતાં હોઇ ભાગવા જતાં યુવાન તળાવમાં પડી ગયાનું કહ્યું હતું. ખરેખર શું બન્યું તેની તપાસ શરૂ થઇ છે.

વિશેષ માહિતી પર નજર કરીએ તો પંચશીલ સોસાયટી શેરી નં. ૧૧માં રહેતો બાવીસ વર્ષનો જય પ્રભાતભાઇ ખાંભરા ત્રણ દિવસ પહેલા પોતાના મિત્રો સાથે રાજસ્થાન ફરવા જવાનું કહીને ઘરેથી નીકળ્યો હતો. આ પછી ગઇકાલે જયના મામાને જય જે કંપનીમાં નોકરી કરતો હતો ત્યાંથી ફોન આવ્યો હતો. તેણે કહ્યું હતું કે જયના કોઇ મિત્રએ ફોન કરીને જાણ કરી છે કે જય પરાપીપળીયાના તળાવમાં પડી ગયો છે. આથી કુટુંબીજનો, જયના કાકા સુરેશભાઇ ખાંભરા, કુટુંબી ભાઇ શ્યામભાઇ સહિતના લોકો પરાપીપળીયા તળાવ ખાતે પહોંચ્યા હતાં. પોલીસને અને ફાયર બ્રિગેડને પણ જાણ કરી હતી. સુરેશભાઇ સહિતના લોકો તળાવ પર જુના બુટલેગર હર્ષદ મહાજનનો પુત્ર જેનીશ મહાજન, ભાવીન પટેલ અને ઋત્વીક પરમાર હતાં.

આ ત્રણેયની પુછતાછ કરતાં ત્રણેયએ કહ્યું હતું કે અમે પહેલા રાજસ્થાન ગયા હતાં. બાદમાં સોમવારે પરત આવી અમે મવડી ચોકડીએથી વર્ના કાર ભાડે કરી હતી. મંગળવારે વહેલી સવારે સાડા ત્રણેક વાગ્યે અમે પુનીતનગર રોડ પર કાર લઇને નીકળ્યા ત્યારે કોઇ શખ્સો અમારો પીછો કરતાં હોય તેવું લાગતાં અમે કાર ભગાવી મુકી હતી. આ રીતે અમે છેક પરાપીપળીયાના તળાવ પાસે પહોંચી ગયા હતાં. અહિ આગળ રસ્તો બંધ હોઇ અમે કાર રેઢી મુકીને બધા આડાઅવળા ખેતરો તરફ ભાગ્યા હતાં. આ વખતે જય તળવમાં પડી ગયો હતો. કોઇએ તેને બહાર કાઢ્યો હતો અને પછી તે ગૂમ થઇ ગયો હતો. જેનીશ, ભાવીન, ઋત્વીકની આ વાત જયના કાકા સુરેશભાઇ સહિતને શંકાસ્પદ લાગતાં પોલીસને જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસે તપાસ શરૂ કરી હતી.

એ દરમિયાન ક્રાઇમ બ્રાંચના ઇન્સપેકટર એમ. એલ. ડામોર અને ટીમે આ ત્રણેય મિત્રો જેનીશ, ભાવીન, ઋત્વીકને સકંજામાં લઇ વિસ્તૃત પુછતાછ કરી હતી અને તે ઘટના બની એ પહેલા ક્યાં ક્યાં હતાં? શું કર્યુ તે સહિતની માહિતી મેળવી હતી. જો કે આ ત્રણેય એક જ વાતને વળગી રહ્યા હતાં કે કોઇ પીછો કરતો હોવાનો ડર લાગતાં કાર ભગાવી હતી અને પરાપીપળીયા તળાવ પાસે પહોંચી કારમાંથી ઉતરીને ભાગ્યા ત્યારે જય તળાવમાં પડી ગયો હતો. પછી તે ક્યાં ગયો તેની ખબર નથી. પોલીસે જો કે સીસીટીવી ફુટેજ ચેક કરતાં કોઇ પીછો કરતું હોય તેવુ દેખાયુ નહોતું. ક્રાઇમ બ્રાંચે પરા પીપળીયાના મોડી રાતના ફુટેજ ચેક કરતાં ૨: ૧૩ કલાકે કાર દેખાઇ હતી. પણ પાછળ બીજા વાહનો દેખાયા નહોતાં. એવી પણ ચર્ચા છે આ મિત્રો નશો કરેલી હાલતમાં હતાં. ફાયર બ્રિગેડના તરવૈયાઓએ તળાવમાં શોધખોળ ચાલુ રાખી હોઇ આજે સવારે જય પ્રભાતભાઇ ખાંભરાનો મૃતદેહ મળી આવતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. મૃત્યુ પામનાર જયના પિતા પ્રભાતભાઇનું આઠ મહિના પહેલા જ અવસાન થયું હતું. જય વિધવા માતાનો એકનો એક દિકરો હતો. તેને એક નાની બહેન છે. જય સુઝુકી કંપનીમાં કામ કરતો હતો. તે જેની સાથે ગયો હતો તે મિત્રો જેનીશ, ભાવીન, ઋત્વીકની ક્રાઇમ બ્રાંચે પુછતાછ કરી છે. પણ હાલમાં આ ત્રણેય ભાગતી વખતે જય તળાવમાં પડી ગયાનું રટણ કરે છે. આ ત્રણમાં જેનીશ વિરૂધ્ધ અગાઉ અનેક ગુના નોંધાયા હતાં. પોલીસ સ્ટેશન ઉપર બોટલોના ઘા કરવામાં પણ તે સામેલ હતો. પરિવારજનોએ ઘટના શંકાસ્પદ જણાઇ રહી હોઇ મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. પી. ગઢવીના રાહબરીમાં પીએસઆઇ એમ. એસ. મહેશ્વરીએ પ્રાથમિક કાર્યવાહી કરી હતી. આ બનાવે પંચશીલ સોસાયટી વિસ્તારમાં પણ અરેરાટી ફેલાવી દીધી હતી.

---

અલગ અલગ ત્રણ ઘટનાઓમાં લાડકવાયા, આધારસ્તંભની વસમી વિદાય

# ચાર મહિના પહેલા જ પરણેલા યુવાનનું અચાનક મૃત્યુ

ગુંદાળાની ઘટનાઃ બીજી ઘટનામાં પડધરી તાલુકા પંચાયતના રાજકોટ રહેતાં સદસ્યનું દિલની દગાખોરીથી મોતઃ એક આધેડનું ઉલ્ટી થયા બાદ નિપજ્યું મૃત્યુ





રાજકોટ,તા.૧

અચાનક બેભાન થઇ જવાને કારણે મૃત્યુની ઘટનાઓમાં બાવીસ વર્ષના એક યુવાનનો જીવ ગયો હતો. કરૂણતા એ હતી કે ચાર મહિના પહેલા જ આ યુવાનના લગ્ન થયા હતાં. ગોંડલના ગુંદાળામાં આ ઘટના બની હતી. મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો હતો. બીજી ઘટનામાં કુવાડવા રોડ મેંગો મારકેટ પાછળ રહેતાં પધડરી તાલુકા પંચાયતના યુવા સદસ્યનું પણ હૃદય બેસી જવાને કારણે મૃત્યુ થયું હતું. ત્રીજી એક ઘટનામાં એક આધેડનું ઉલ્ટી થયા બાદ તબિયત લથડતાં મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. વિગતો પર નજર કરીએ તો ગોંડલના ગુંદાળા ગામમાં રહેતો રામભાઇ બાબુભાઇ બાંભવા નામનો બાવીસ વર્ષનો યુવાન બપોરે જમ્યા બાદ રૂમમાં સુવા માટે ગયો હતો. સાંજે સાત સુધી તે જાગીને ન આવતાં પરિવારજનો તપાસ કરવા ગયા ત્યારે દરવાજો અંદરથી બંધ હોઇ ખખડાવવા છતાં નહિ ખોલતાં દરવાજો તોડીને જોતાં તે પલંગ પર બેભાન હાલતમાં જોવા મળ્યો હતો. પરિવારજનોએ તુરત જ તેને ગોંડલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો. પરંતુ તબિબે તેને મૃત જાહેર કરતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર રામભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટો હતો અને તેણે અગ્રીકલ્ચરમાં ગ્રેજ્યુએશન કર્યુ હતું. તેના પિતા બાબુભાઇને ચાની હોટેલ હોઇ રામભાઇ ત્યાં ક્યારેક બેસતો હતો. કરૂણતા એ છે કે ચાર મહિના પહેલા જ તેના લગ્ન ઘોઘાવદરની બંસીબેન સાથે થયા હતાં. હાલ બંસીબેન માવતરે આટો મારવા ગયા હતાં. રામભાઇનું મૃત્યુ હાર્ટએટેકથી થયું કે અન્ય કારણે? તે જાણવા ગોંડલ તાલુકા પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. યુવાન દિકરાના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બીજી ઘટના જોઇએ તો શહેરના કુવાડવા રોડ પર મેંગો માર્કેટ પાસે ખોડલધામ રેસીડેન્સીમાં રહેતાં પડધરી તાલુકા પંચાયતના સદસ્ય ચુમાલીસ વર્ષના કલ્પેશભાઇ છગનભાઇ પીપળીયાનું દિલની દગાખોરીથી મૃત્યુ થયું હતું. કુવાડવા રોડ ખોડલધામ રેસીડેન્સીમાં રહેતાં કલ્પેશભાઇ પીપળીયા વહેલી સવારે ચારેક વાગ્યે ઘરે હતાં ત્યારે એકાએક તબીયત બગડી હતી. છાતીમાં દુઃખાવો શરૂ થતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

બનાવની જાણ બી-ડિવીઝન પોલીસને કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. કલ્પેશભાઇબે ભાઇમાં નાના હતાં અને તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેઓ ઇમિટેશનનો વેપાર કરતાં હતાં. સાથે પડધરી તાલુકા પંચાયતમાં થોરીયાળી ખોડાપીપર બેઠકના હાલના સદસ્ય હતાં. અગાઉ તેઓ શહેરના વોર્ડ નં. ૪ના કોંગ્રેસના પ્રમુખ પદે રહી ચુક્યા હતાં. તેમજ હાલમાં ખોડલધામના ઇસ્ટઝોનના સદસ્ય તરીકે કામ કરતાં હતાં. આ ઉપરાંત તેઓ રહે છે એ ખોડીયાર રેસીડેન્સીના પણ તેઓ પ્રમુખ હતાં. સગાના કહેવા મુજબ હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડ્યો હતો. બનાવની જાણ થતાં મોટી સંખ્યામાં સગા સંબંધીઓ, મિત્રો, સ્નેહીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતાં. માસુમ દિકરા-દિકરીએ પિતાની છત્રછાંયા ગુમાવતાં પીપળીયા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. અપમૃત્યુની ત્રીજી ઘટનામાં સુત્રાપાડા ગીરના સોળાજ ગામે રહેતાં સુડતાલીસ વર્ષના કરસનભાઇ નારણભાઇ વાળાને ઉલ્ટીઓ થયા બાદ તબીયત બગડતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જાણવા મળ્યા મુજબ સોળાજ ગામે રહેતાં કરસનભાઇ વાળાને વીસમીના રોજ ઘરે એકાએક ઉલ્ટીઓ ચાલુ થઇ જતાં કોડીનારની હોસ્પિટલમાં અને ત્યાંથી વેરાવળ, જામનગર સારવાર અપાવી બાદમાં રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં.

અહિ ગત સાંજે તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે સુત્રાપાડા પોલીસને કરી હતી. મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસ દ્વારા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવાયું હતું. આમ ત્રણ ઘટનામાં ત્રણ અલગ અલગ પરિવારોએ પોતાના લાડકવાયા, આધારસ્તંભને ગુમાવી દીધા હતાં.

---

શાંત શહેરમાં નહિ જેવી વાતોએ પણ લોકો તૂટી પડે છે એક બીજા પર હથીયારો વડે

# સોડાના વધુ ભાવ, વાહન અડવા મુદ્દે છરી-ધોકા ઉડ્યા

રાજકોટ,તા.૧

શહેરમાં નહિ જેવી વાતે લોકો છરી-ધોકા ઉલાળી લેતાં હોય છે. આવી વધુ બે ઘટના સામે આવી છે જેમાં એક દુકાનદાર સાથે તેના જ વિસ્તારમાં રહેતાં બાપ-દિકરાએ કોલ્ડ્રીંક્સના રૂપિયા પાંચ વધુ હોવા બાબતે માથાકુટ કરી યુવાનને ધોકાના ઘા ફટકારી તેની સગર્ભા બહેનને પણ મારકુટ કરી હતી. બીજી ઘટનામાં વાહન અડી જવા મામલે મામા-ભાણેજ પર ચાર શખ્સો છરીથી તૂટી પડ્યા હતાં. શહેરના પોપટપરા અને દૂધની ડેરી વિસ્તારની આ ઘટનામાં પોલીસે કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો પોપટપરામાં રહેતાં અને ઘર નજીક પ્રોવીઝન સ્ટોર-કોલ્ડ્રીંક્સની દુકાન ચલાવતાં યુવાન સાથે તેના જ વિસ્તારમાં રહેતાં પ્રૌઢ સોડાની બોટલ લેવા આવતાં યુવાને રૂપિયા ચાલીસ માંગતા આ પ્રૌઢે બીજે બધે તો પાંત્રીસ લે છે, તું કેમ ચાલીસ માંગે છે કહી ગાળાગાળી કરતાં બાદમાં આ દુકાનદાર યુવાન તેના માતા, બહેનને લઇ આ પ્રૌઢના ઘરે સમજાવવા જતાં તેણે પુત્ર સાથે મળી ધોકાથી હુમલો કરી માર મારતાં સારવાર લેવી પડી હતી. પ્રધ્યુમનનગર પોલીસે પોપટપરા શેરી નં. ૧૪ ઇમામ ચોક આસિફ મંજીલમાં રહેતાં આસિફ મોહમદભાઇ શેખ નામના ત્રેવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી પોપટપરા-૧૧માં રહેતાં ઓગણસાંઇઠ વર્ષના યાકુબભાઇ હાસમભાઇ રાઠોડ અને તેના દિકરા ફૈઝલ યાકુબભાઇ રાઠોડ વિરૂધ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

આસિફ પોપટપરામાં સર્વોદય કોલ્ડ્રીંક્સ નામે સિઝનલ ધંધો કરે છે અને પ્રોવીઝન સ્ટોર ચલાવે છે. તે માતા, પિતા સાથે રહે છે અને બહેન બજરંગવાડીમાં સાસરે છે. આસિફે જણાવ્યું છે કે મંગળવારે સાંજે આઠેક વાગ્યે હું મારી દુકાને હતો ત્યારે યાકુબભાઇ રાઠોડ આવ્યા હતાં અને સોડાની બોટલ માંગી હતી. જેથી મેં બોટલ આપી રૂ. ૪૦ માંગતા તેણે કહેલું કે બીજે બધે તો ૩૫ રૂપિયા લે છે, તું કેમ ૪૦ રૂપિયા માંગે છે. આમ કહી તે ગાળો દેવા માંડતાં તેને ગાળો નહિ બોલવા સમજાવતાં તેણે વધુ ઝઘડો કર્યો હતો. આ દરમિયાન મેં મારા પિતાને ફોન કરી જાણ કરી હતી. ત્યાં મારા માતા રેહાનાબેન અને બહેન રેશ્માબેન પણ આવી ગયા હતાં.

આ પછી અમે સાથે મળી અમારા ઘરથી બે શેરી દૂર રહેતાં યાકુબભાઇના ઘરે તેને સમજાવવા જતાં યાકુબભાઇનો પુત્ર ફૈઝલ પણ ત્યાં હાજર હોઇ અમે તેને તેના પિતા ઝઘડો ન કરે તે બાબતે સમજાવવાનું કહેતાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને મારી સાથે ઝપાઝપી કરી હતી. એ દરમિયાન યાકુબભાઇએ ધોકો લાવી ફૈઝલને આપતાં ફૈઝલે મને ધોકાથી માર મારતાં પગ, કમરમાં ઇજાઓ થઇ હતી. મારા બહેન રેશ્માબેન જે સગર્ભા છે તે વચ્ચે પડતાં તેને ધક્કો લાગી જતાં તે પડી ગયા હતાં. આ પછી અમે ૧૧૨માં ફોન કરતાં પોલીસ આવી ગઇ હતી. તેમ વધુમાં આસિફે કહેતાં પીએસઆઇ કે. કે. ચાવડાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટના જોઇએ તો દૂધસાગર રોડ પર આવેલા એચ.જે. સ્ટીલ કારખાના નજીક પ્રકાશમાં આવ્યો છે. જ્યાં વાહન અડાડવા બાબતે થયેલી બોલાચાલીમાં એક યુવક અને તેના મામા પર છરી તેમજ ઢીકાપાટુ વડે ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો સામે વિધિવત ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ દફતરેથી મળતી વિગતો અનુસાર મુળ ગીર સોમનાથના ઉના તાલુકાના ભડીયાદર ગામના વતની અને હાલ રાજકોટની વૃંદાવન સોસાયટી પુનિતનગર પાસે ૧૫૦ ફૂટ રીંગ રોડમાં રહેતા રાકેશ પ્રતાપભાઈ રાઠોડની ફરિયાદ પરથી જુબેર ઉર્ફે જુગલો બસીરભાઈ સમા



અને ત્રણ અજાણ્યા સામે ગુનો નોંધ્યો હતો. છવ્વીસમીએ બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યે રાકેશ પોતાના હોન્ડા સાઈન મોટરસાયકલ પર પાછળ તેમના કૌટુંબિક મામા વલકુભા માનભા ગોહીલને બેસાડીને દૂધસાગર રોડ પર એચ.જે. સ્ટીલ નામના કારખાનામાં એસી ફિટિંગ અને રીપેરિંગ કરવા જઈ રહ્યા હતા.

ત્યારે ચુનારાવાડ ચોકથી દૂધસાગર મેઈન રોડ પર કારખાનાની અંદર જવા માટે રાકેશએ મોટરસાયકલનું જમણી સાઈડનું ઈન્ડિકેટર ચાલુ કરીને વળાંક લીધો હતો. આ દરમિયાન પાછળથી બ્લુ કલરની બર્ગમેન એક્ટિવા જેવા વાહનના ચાલકે આવીને રાકેશના મોટરસાયકલના પાછળના ભાગે વાહન અડાડી દીધું હતું. આ બાબતે તેને ટોકતા જ તે ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો ભાંડી ઝઘડો કરવા લાગ્યો હતો.

આ દરમિયાન એક્ટીવા ચાલકના ત્રણ અજાણ્યા માણસો પણ ધસી આવ્યા હતાં અને રાકેશને એક શખ્સે છરીથી માથામાં ઘા મારી દીધો હતો. આ પછી છરીના હાથાથી માર મારતાં કાન ઉપર ઈજા થઈ હતી. બીજા શખસોએ ઢીકાપાટા માર્યા હતાં. રાકેશના મામા વલકુભાને પણ ઢકીપાટુ માર્યા હતાં. તેમજ માથામાં છરી મારી દીધી હતી. દેકારો થતાં લોકો ભેગા થઈ જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં. બનાવ સમયે હુમલાખોરોના નામ-ઠામ કે વાહન નંબરની વિગત ન હોવાથી રાકેશએ તાત્કાલિક ફરિયાદ નોંધાવી ન હતી. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ રાકેશ, વલકુભા અને તેમના મોટાભાઈ મહાવીરસિંહ ગોહીલે ઘટનાસ્થળે અને આજુબાજુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ઝગડો કરનાર અને છરી મારનાર અજાણ્યો એક્ટિવા ચાલક દૂધસાગર રોડ પર જ રહેતો જુબેર ઉર્ફે જુગલો બસીરભાઈ સમા મુસ્લીમ છે. તેના આધારે હવે પોલીસને જાણ કરતાં થોરાળા પીઆઇ શક્તિસિંહ પી. સોઢાની રાહબરીમાં એએસઆઇ જી. ડી. શિયારે એફઆઇઆર નોંધી વિશેષ તપાસ શરૂ કરી હતી. આમ નહિ જેવી વાતે બે સ્થળે છરી-ધોકા ઉલળ્યા હતાં.

દુકાનદારને ધોકાથી ફટકાર્યો સાથે તેની સગર્ભા બહેનને પણ પછાડી દીધીઃ બીજી ઘટનામાં એસી રીપેર કરવા નીકળેલા મામા-ભાણેજને છરીથી ચાર શખ્સોએ કરી દીધા ઘાયલ

દંપતિને ધાર્મિક ટૂર પર જવું હોઈ એજન્ટનો સંપર્ક કર્યો અને છેતરાયા

# સાડા દસ લાખ કટકટાવી બોગસ વિઝા ધાબડ્યા

## એડવોકેટને પત્નિ સાથે જવુ હતું હજ યાત્રાએઃ છ જણાએ ભેગા મળી છેતરી લીધાઃ પોલીસને જાણ કરવામાં આવતાં દાખલ થઇ એફઆઇઆર : બીજી ઘટનામાં નોકરીમાં રહ્યાના બારમા દિવસે ત્રીસ જ સેકન્ડમાં કરી લીધી ત્રીસ લાખ બત્રીસ હજારની ચોરી

રાજકોટ, તા. ૧

અલગ અલગ રીતે ઠગાઇ કરવાના બની રહેલા કિસ્સાઓમાં વર્ક પરમીટ વિઝાના નામે, શેર બજારમાં રોકાણના નામે ઠગાઇના બનાવો વધુ ને વધુ બને છે. તો ઘણીવાર ટૂર પેકેજના નામે છેતરપીંડી પણ થઇ જાય છે. આવી જ વધુ એક ઘટના સામે આવી છે જેમાં હજ યાત્રાના નામે એક એડવોકેટ સાથે ગઠીયાઓએ લાખોની ઠગાઇ કરી છે. હજયાત્રાનું પુરેપુરૂ પેકેજ આપવાના નામે રૂપિયા દસ લાખ ત્રીસ હજાર ગઠીયાઓએ પડાવી લીધા બાદ વકિલને નકલી વિઝા લેટર પધરાવી દીધો હતો. આ ઘટના પોલીસ સુધી પહોંચતા કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના આજવા રોડ પર રહેતા એડવોકેટને હજ યાત્રાએ મોકલવાના બહાને સુરત અને વડોદરાની ૨ ટ્રાવેલ્સ એજન્સીના ૫ સંચાલકે દસ લાખ ત્રીસ હજારની મેળવી છેતરપિંડી આચરી હતી. આરોપીઓએ વકીલને બોગસ વિઝા લેટર પધરાવી દીધા હતા. પાણીગેટ પોલીસે પાંચ આરોપી સામે ઠગાઈનો ગુનો દાખલ કરી તપાસ આગળ ધપાવી છે. વિશેષ માહિતી અનુસાર આજવા રોડની મેમણ કોલોનીમાં રહેતા વકીલ અલ્તાફ હુસેન ગુલામ મહંમદ શેખને પત્નિ સાથે હજ યાત્રા પર જવાનું હતું. આ માટે તેમણે પાણીગેટની અલમુન્તહા ટુર એન્ડ ટ્રાવેલ્સનો સંપર્ક કર્યો હતો.

જે તે વખતે તેના સંચાલકોએ સુરતના એસ.એસ. હજ કોર્પોરેશન ટુર એન્ડ ટ્રાવેલ્સ સાથે મળી દંપતીનું પેકેજ દસ લાખ ત્રીસ હજારમાં નક્કી કરી રકમ પડાવી લીધી હતી. વકીલને જે વિઝા લેટર અપાયા તે ઓનલાઇન ચેક કરતાં રજિસ્ટ્રેશન બતાવતું નહોતું. અલ્તાફ હુસેને અવાર-નવાર સંપર્ક કરી નાણાં




પરત માગતાં આરોપીઓએ ધમકી આપી હતી કે રૂપિયા પરત મળશે નહીં, થાય તે કરી લેજો. ઓફિસે રૂપિયા લેવા આવ્યા તો જીવતા પાછા જશો નહીં.

આ પછી પાણીગેટ પોલીસે વકીલની ફરિયાદના આધારે સુરતના એસ.એસ. હજ કોર્પોરેશનના માલિક સઇદ ટાસ્કંદ પટેલ, સરફરાજ ટાસ્કંદ પટેલ અને વડોદરાની અલમુન્તહા ટુર એન્ડ ટ્રાવેલ્સના માલિક મોહંમદ કબૂતરવાલા, મહંમદ માહિર મહંમદભાઈ કબૂતરવાલા અને રૂબિનાબાનુ મોહંમદ માહિર કબૂતરવાલા વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. રાજ્યભરમાં ઠેકઠેકાણે આ રીતે લેભાગુ કહેવાતા એજન્ટો વિદેશના વિઝાના નામે કે પછી અલગ અલગ ટૂર પેકેજના નામે ઠગાઇ કરી જતાં હોય છે. આ કિસ્સાથી તેમાં વધુ એકનો ઉમેરો થયો હતો. ગઠીયા ઝડપાયા બાદ બીજા લોકો સાથે પણ તેણે આ રીતે ઠગાઇ કરી હોવાની વિગતો બહાર આવવાની શક્યતા છે.

અન્ય એક બનાવમાં ત્રીસ જ સેકન્ડમાં લાખોની ચોરી થઇ ગઇ હતી. સુરતના મહિધરપુરા વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. ભવાની વડ ખાતે આવેલા સાંધા જ્વેલર્સમાં નોકરીએ જોડાયાના માત્ર બારમા જ દિવસે એક બંગાળી કારીગરે માત્ર ત્રીસ સેકન્ડના સમયમાં લોકરમાંથી સોનાના દાગીના અને ડાયમંડ મળી કુલ ૩૦.૪૨ લાખ રૂપિયાની મત્તાની ચોરી કરી રફુચક્કર થઈ ગયો છે. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. મહિધરપુરા ભવાની વડ મેઇન રોડ પર સ્થિત સાંધા નિવાસના ગ્રાઉન્ડ લોરમાં સાંધા જ્વેલર્સ નામે સોના તથા ડાયમંડના દાગીના બનાવવાનું કારખાનું આવેલું છે.

આ કારખાનાના માલિક મુળ બંગાળના પ્રદીપકુમાર માઇતી એ ગત પાંચમી જૂનના રોજ પશ્ચિમ બંગાળના જ વતની સંજીબ ઉર્ફે બાપન સ્વપન સાધ્યને માસિક પચ્ચીસ હજાર રૂપિયાના પગારે નોકરીએ રાખ્યો હતો. સંજીબ અગાઉ પણ પ્રદીપકુમારને ત્યાં પાંચ વર્ષ નોકરી કરી ચૂક્યો હોવાથી અને દાગીનામાં ડાયમંડ લગાવવાનું કામ જાણતો હોવાથી તેને રાખવામાં આવ્યો હતો. તેમજ તેને રહેવા માટે દુકાનની પાછળ કારીગરોની રૂમમાં વ્યવસ્થા પણ કરી આપવામાં આવી હતી. દરમિયાન રાત્રે કારખાનાના મેનેજર સુદીપકુમાર દાસ નિયત સમયે ઘરે નીકળી ગયા હતા, જેથી કારીગર સંજીબે ગ્રાહકોના સોના અને હીરા પોતાના લોકરમાં મૂકી દીધા હતા.

બીજા દિવસે સવારે મેનેજરે આવીને સંજીબને તેના લોકરમાંથી દાગીના કાઢીને કામ શરૂ કરવા જણાવ્યું હતું. ત્યારબાદ મેનેજર કોઈ કામ અર્થે ઉપરના માળે ગયા હતા. મેનેજર ઉપર ગયાની સાથે જ સંજીબે માત્ર ૩૦ સેકન્ડના ગાળામાં લોકરમાંથી ગ્રાહકોના સોનાના ૧૧૧.૫૬ ગ્રામના દાગીના અને ૬૨.૩૮ કેરેટના ડાયમંડ મળી કુલ ૩૦.૪૨ લાખ રૂપિયાની મત્તા ચોરી લીધી હતી અને ત્યાંથી ભાગી છૂટ્યો હતો. મેનેજર માત્ર ૧૦ જ મિનિટમાં નીચે આવ્યા ત્યારે સંજીબ ત્યાંથી ગાયબ હતો. તેના ટેબલ અને લોકરની તપાસ કરતા સોનું અને હીરા પણ ગાયબ જોવા મળ્યા હતા. આ ચોરી અંગે મહિધરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી.

વિકૃત હવસખોર પર સર્વત્ર ફીટકારઃ પત્નિએ પતિને નજરોનજર જોઇ લેતાં હચમચી ગઇ

# તેર વર્ષની દિકરી સાથે સગા બાપની શૈતાનીયત

## ઝઘડો થતાં મહિલા દિકરા-દિકરીને પતિ પાસુ મુકી સગાના ઘરે જતી રહીઃ પાછળથી હવસખોરે દિકરીનો દેહ પીંખ્યોઃ તે બળાત્કાર ગુજારી રહ્યો હતો ત્યારે જ અચાનક પત્નિ આવી જતાં ભાગી ગયોઃ પોલીસે ગુનો નોંધી ઝડપી લેવા દોડધામ શરૂ કરી

રાજકોટ, તા. ૧

હવસખોર વિકૃતીયાઓ ઘણીવાર પીશાચોને પણ શરમ આવી જાય તેવા કૃત્ય આચરતા હોય છે. વધુ એક ખળભળાટ મચાવતી ઘટના સામે આવી છે જેમાં એક વિકૃત હવસખોર બાપે તેની જ તેર વર્ષની દિકરીનો દેહ પીંખી નાંખ્યો હતો. આ ઘટના સામે આવતાં પોલીસ પણ ખળભળી ગઇ હતી. તત્કાળ આ મામલે કાર્યવાહી કરી હવસખોર પીશાચી બાપને ઝડપી લેવા તજવીજ કરી હતી. આ કિસ્સામાં મહિલાએ પોતાના જ પતિ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવી હતી. આ ઘટનાએ બાપ-દિકરીના સંબંધોને શર્મસાર કર્યા છે. સમગ્ર ગામ આ હવસખોર વિકૃત બાપ પર ફીટકાર વરસાવી રહ્યું છે. પત્નિ સાથે આ હવસખોરને ઝઘડો થતાં પત્નિ પોતાના દિકરા-દિકરીને મુકી સગાના ઘરે જતી રહી હતી. રાતે એકલા આ હવસખોરે એકલી દિકરીને મોઢુ ડુચો દઇ બળાત્કાર ગુજારી લીધો હતો. મોડી રાતે જ્યારે પત્નિ પરત ફરી ત્યારે પતિને દિકરી સાથે બળજબરી આચરતો નજરોનજર જોતાં તેણીના હોંશ ઉડી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ ચોંકાવનારી ચકચારી ઘટના



વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના એક ગામમાં બની છે. માનવતાને શરમાવે તેવી અને પિતા-પુત્રીના પવિત્ર સંબંધોને કલંકિત કરતી એક અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. જેમાં એક કળિયુગી પિતાએ પોતાની જ તેર વર્ષ અને બેમહિનાની સગીર વયની દીકરી પર બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી આવતાંઆ મામલે પીડિતાની માતાએ ડેસર પોલીસ સ્ટેશનમાં પોતાના જ પતિ વિરૂધ્ધ ગુનો દાખલ કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

ઘટના અંગે પીડિતાની માતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર સાંજના સમયે કપડાં લેવા બાબતે પતિ-પત્નિ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. ઝઘડો વધુ ન વધે તે માટે પત્નિ ઘરની નજીક જ સીમમાં આવેલા તેમના એક મહિલા સંબંધીના ઘરે ચાલી ગઈ હતી. તે સમયે ઘરમાં તેમની તેર વર્ષની દીકરી અને દસ વર્ષનો નાનો દીકરો હાજર હતા. રાત્રિના આશરે બાર વાગ્યાની આસપાસ જ્યારે માતા પોતાની બહેન સાથે ઘરે પરત ફરી, ત્યારે ઘરનો દરવાજો ન હોવાથી આડો રાખેલો ખાટલો અને પડદો હટાવીને અંદર જોતાં જ તેમના હોશ ડી ગયા હતા. રૂમમાં પિતા પોતાની સગીર દીકરી પર દુષ્કર્મ ગુજારી રહ્યો હતો અને દીકરીના મોઢામાં કાપડનો ડૂચો આપેલો હતો. જેથી તે બૂમ ન પાડી શકે. પત્નિ અને બહેનને જોઈ જતાં જ આરોપી પિતા ત્યાંથી પેન્ટ સરખું કરતો ભાગી છૂટ્યો હતો.ભયાનક દ્રશ્ય જોયા બાદ માતાએ તાત્કાલિક દીકરીના મોઢામાંથી કાપડનો ડૂચો કાઢીને તેને કપડાં પહેરાવ્યા હતા અને દીકરીને શાંત પાડી હતી. બાદમાં પીડિતાએ રડતાં-રડતાં પોતાની માતાને જણાવ્યું કે, તેનો નાનો ભાઈ સુઈ ગયા પછી પિતાએ તેને પકડીને જબરજસ્તીથી જમીન પર સુવડાવી દીધી હતી અને મોઢામાં કપડું નાખી, હાથ પકડી રાખીને તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ નરાધમ કૃત્ય અંગે પીડિતાની માતાએ પોતાની બહેન અને બનેવીને સાથે રાખી ડેસર પોલીસ સ્ટેશનમાં આરોપી પતિ વિરુદ્ધ સગીર દીકરી પર દુષ્કર્મ આચરવા બદલ કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. ડેસર પોલીસ ઈન્સ્પેક્ટર કે.સી. પટેલ આ કેસની તપાસ કરી રહ્યા છે. પોલીસે પીડિત સગીરાનું તબીબી પરીક્ષણ કરાવવા અને ફરાર આરોપી પિતાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કયા હતાં.

ઓનલાઇન-ઓફલાઇન ગઠીયાગીરીના વધુ બે લાલબત્તી સમાન બનાવો

# ઓટોમેટીક સોફ્ટવેર અપડેટ થયો ને નાણા ઉપડી ગયા!

## યુવાન સાથે નવીનત્તમ ઠગાઈઃ બીજા બનાવમાં મહિલાને ભોળવી તાંત્રીકવિધીના નામે રોકડ-દાગીના ઉસેડી ગયા

રાજકોટ, તા. ૧

ઓનલાઇન, ઓફલાઇન ઠગાઇની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. વધુ એક બનાવમાં એક યુવાનનો ફોન હેક કરી રૂપિયા ઉસેડી લેવાયા હતાં. યુવાનના ફોનમાં ઓટોમેટીક સોફ્ટવેર અપડેટ થયા બાદ તેના બેંક ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા હતાં. બીજી ઘટનામાં કહેવાતા ગઠીયાઓએ પિતૃદોષ દુર કરી આપવાની વિધીના નામે દોઢ લાખના દાગીના, રોકડ પડાવી લીધા હતાં.

પ્રથમ ઘટના જોઇએ તોસાયબર ઠગો હવે નવી-નવી મોડસ ઓપરેન્ડી અપનાવી લોકોને નિશાન બનાવી રહ્યા છે. દાણીલીમડા વિસ્તારમાં રહેતા અને દરજીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા એક યુવક સાથે એક લાખ આડત્રીસ હજારની સાયબર છેતરપિંડીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો હતો. આ ઘટનામાં મોબાઇલમાં ઓટોમેટિક સોટવેર અપડેટ થયા બાદ સાયબર ઠગોએ કોઈ રીતે મોબાઇલનો રિમોટ એક્સેસ મેળવી તેમના બેંક ખાતામાંથી ત્રણ અલગ-અલગ શ્ર્ન્ ટ્રાન્ઝેક્શન દ્વારા રૂપિયા ઉપાડી લીધા હતા. સમગ્ર મામલે દાણીલીમડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસના કહેવા મુજબ દાણીલીમડામાં રહેતા અને દરજીકામ કરતા અબ્દુલ કરીમભાઈ અંસારીના મોબાઇલમાં ઓટોમેટિક સોટવેર અપડેટ થયું હતું.

બીજા દિવસે તેમણે પત્નિના મોબાઇલમાં રિચાર્જ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે કોટક મહિન્દ્રા બેંકના ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાનું મેસેજ મળ્યો હતો. આથી તેમને શંકા જતાં બેંક ખાતાનું સ્ટેટમેન્ટ તપાસ્યું હતું. સ્ટેટમેન્ટ તપાસતા તેઓ ચોંકી ઉઠ્યા હતા. અજાણ્યા શખ્સોએ તેમના મોબાઇલનો રિમોટ એક્સેસ મેળવી કુલ રૂ.૧,૩૮,૯૮૭ ત્રણ અલગ-અલગ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન દ્વારા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધા હતા. જેમાં એમ એસ મેડસોર્સ ડીસ્ટ્રીબ્યુટર્સના ખાતામાં રૂ.૧,૦૯,૭૬૫, જયપ્રકાશ મેહરાના ખાતામાં બે ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૨૫,૯૯૨ તેમજ અમન ઉપાધ્યાયના ખાતામાં રૂ.૩,૨૩૦ જમા કરાવવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. સાયબર ક્રાઇમ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

યદો ઉઠાવી છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો -કાશમાં આવ્યો છે. ઘરના સભ્યની કેન્સરની બીમારી અને પિતૃદોષ હોવાનો ડર બતાવી રામાપીરના મોટા ભક્ત હોવાની ઓળખ આપી બે અજાણ્યા ગઠિયાઓ સોનાના દાગીના અને રોકડ રકમ મળી કુલ એક લાખ પંચાવન હજારની મત્તા ઠગીને ફરાર થઈ ગયા છે. આ સમગ્ર મામલે ભોગ બનનાર મહિલાએ લસકાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર, લસકાણા સ્થિત બજરંગ રો હાઉસ વિભાગ-૧માં રહેતા હેતલબેન ડોંડાના પતિ વિજયભાઈ છેલ્લા બે મહિનાથી કેન્સરની ગંભીર બીમારીથી પીડિત છે.

એક સવારે હેતલબેનના સસરા બટુકભાઈની પાન-મસાલાની દુકાને બે અજાણ્યા ઈસમો મોટરસાયકલ પર આવ્યા હતા. તેઓએ વાતો-વાતોમાં `તમારા ઘરે મોટું દવાખાનું આવેલું છે' તેમ કહી ડર પેદા કર્યો હતો. ત્યારબાદ તેઓ ઘરમાં -વેશ્યા હતા અને પોતાને રામાપીરના મોટા ભક્ત ગણાવ્યા હતા. ઠગ ટોળકીએ પરિવારને વિશ્વાસમાં લઈ જણાવ્યું હતું કે, `તમારા ઘરમાં પિતૃદોષ છે અને કોઈની વિધિ નડતી હોવાથી ઘરમાં બીમારી રહે છે અને પૈસા ટકતા નથી. જો તમે કહો તો અમે વિધિ કરી આપીએ. પરિવારજનો બીમારીથી કંટાળેલા હોવાથી તેઓ વિધિ કરવા તૈયાર થઈ ગયા હતા.

ગઠિયાઓએ વિધિના બહાને સ્ટીલનો ગ્લાસ, કંકુ, ચોખા, પાણી અને સોનાના દાગીના મંગાવ્યા હતા. જેમાં સાસુએ કાનની સોનાની બુટી અને હેતલબેને હાથની સોનાની વીંટી આપી હતી.બંને ઠગોએ પરિવારના સભ્યોના માથા પર સોનાના દાગીના ભરેલો ગ્લાસ ફેરવી તેને મંદિર પાસે મુકાવ્યો હતો. ત્યારબાદ ત્રણેય દીકરાઓ પર ઘાત હોવાનું કહી વિધિના નામે ૫,૧૦૦ રોકડા મંગાવ્યા હતા. આ પછી ગઠિયાઓએ એક જૂનો કાળો શર્ટ મંગાવ્યો હતો.

આ પછી શર્ટમાં એક લાખની કિંમતની દસ ગ્રામ સોનાની બુટી, પચાસ હજારની કિંમતની પાંચ ગ્રામની સોનાની વીંટી અને ૫,૧૦૦ રોકડા મૂકીને પોટલું બાંધી મંદિરની અંદર મૂકી રાખ્યું હતું. વિધિના અંતે અજાણ્યા ઈસમોએ પરિવારના સભ્યોને મંદિરમાં માતાજીના જાપ કરવા બેસાડી દીધા હતા અને પોતે તક જોઈને ઘરમાંથી કાળા શર્ટનું પોટલું જેમાં દાગીના અને રોકડા હતાલઈને છૂમંતર થઈ ગયા હતા. થોડીવાર પછી પરિવારને છેતરાયા હોવાનો અહેસાસ થતાં તેઓએ સગા-સંબંધીઓને જાણ કરી હતી. પતિ કેન્સર પીડિત હોવાથી અને તેમની સારવાર ચાલતી હોવાથી ફરિયાદ કરવામાં વિલંબ થયો હતો. આ મામલે ગુનો દાખલ કરી પીએસઆઈ નિહિલકુમાર રમેશભાઈ પટેલે તપાસ શરૂ કરી હતી.

વૃધ્ધોને રસ્તામાં આંતરી વાતોમાં વળગાડી છેતરી લેતાં ગઠીયાઓ વધુ સક્રિય થયા

# ભુવાનો સ્વાંગ રચી વૃધ્ધનો ચેઈન લઈ બે ગઠીયા છૂ

## પહેલા બંનેએ વૃધ્ધને રસ્તો પુછ્યો, પછી માથે હાથ મુકી આશીર્વાદનું નાટક કર્યુઃ પછી રોકડા માંગ્યા, છેલ્લે ચેઇન ઉતરાવી ગાયબ થઇ ગયા

### બીજી ઘટનામાં મકાનની ખરીદીના નામે સાડા બત્રીસ લાખની ઠગાઇઃ તત્કાલીન બેંક મેનેજર સહિત બે જણા સામે એફઆઇઆર

રાજકોટ, તા. ૧

લોકોને ધાર્મિક આસ્થાના નામે અને અંધશ્રધ્ધાના ચક્કરમાં લઇ લેભાગુ કહેવાતા સાધુના સ્વાંગમાં આવેલા ગઠીયાઓ છેતરી જતાં હોવાના બનાવો વારંવાર બને છે. વધુ એક આવો બનાવ સામે આવ્યો છે જેમાં એક નિવૃત કર્મચારી વૃધ્ધને બે ગઠીયાએ રસ્તો પુછવાના નામે ઉભા રાખી વાતોમાં પરોવી બાદમાં એક શખ્સે પોતે ભુવો છે તેમ કહી તેમના માથા પર હાથ મુકી આશીર્વાદ આપવાનું નાટક કરી બાદમાં તેમને વિશ્વાસમાં લઇ સોનાનો ચેઇન જોવા માટે માંગી પોતાના મોઢામાં ચેઇન મુકી દઇ બંને ગઠીયા ભાગી ગયા હતાં.

આ બનાવની વિગતો પર નજર કરીએ તો છાણી જકાતનાકા વિસ્તારમાં વહેલી સવારે મોર્નિંગ વોક પર નીકળેલા જીએસીએલ રણોલીના નિવૃત્ત કર્મચારીને મોપેડ સવાર બે ગઠિયા રસ્તો પૂછવાના બહાને ભા રાખી, પોતે ભૂવો છે, તેમ જણાવી દોઢ લાખની સોનાની ચેન લઈ ફરાર થઈ ગયા હતા. ફતેગંજ પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું કે છાણી જકાતનાકા આદર્શનગર સોસાયટીમાં રહેતા અડસઠ વર્ષીય બીપીનભાઈ કનૈયાલાલ પંડ્યા જીએસીએલમાંથી નિવૃત્ત થયા છે.

આ વૃધ્ધ સવારે છ વાગ્યાની આસપાસ તેઓ મહાકાળી મંદિર પાસેથી ચાલતા ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન છાણી




કેનાલ તરફથી એક મોપેડ પર બે યુવક ત્યાં આવ્યા હતા. તેઓએ બીપીનભાઈને રોકીને સમા કેનાલ તરફ જવાનો રસ્તો પૂછ્યો હતો. એક યુવકે બીપીનભાઈના માથા પર હાથ મૂકીને કહ્યું હતું કે હું ભૂવો છું. તમને તકલીફ હશે તો સારુ થઈ જશે.

આ પછી ગઠિયાએ શરૂઆતમાં બીપીનભાઈ પાસે રૂપિયાની માગણી કરી હતી, પરંતુ તેમણે રૂપિયા આપવાની ના પાડી દીધી હતી.ત્યાર બાદ ઠગે આંગળીમાં પહેરેલી વીંટી માગી હતી, પરંતુ તે નીકળે તેમ ન હોવાથી ગઠિયાએ નજર સોનાની ચેન પર દોડાવી હતી.

એક ગઠીયાએ ચેન જોવાની માગણી કરતાં બીપીનભાઈએ ગળામાંથી કાઢીને આપી હતી. આ સોનાની ચેન યુવકે અચાનક પોતાના મોઢામાં મૂકી દીધી હતી અને બીપીનભાઈ કશું સમજે તે પહેલાં બંને ગઠિયા મોપેડ ભગાડી ગયા હતા. વૃદ્ધે ચોર-ચોરની બૂમો પાડી પાછળ દોડવાનો -યાસ કર્યો હતો, પરંતુ આરોપીઓ દોઢ લાખની ચેન લઈને ફરાર થઈ ગયા હતા. હાલ ફતેગંજ પોલીસે આ મામલે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે ગઠિયાઓનું પગેરૂં મેળવવાની તજવીજ શરૂ કરી હતી.આ રીતે ઠગાઇના કિસ્સા અવાર-નવાર રાજ્યમાં બનતાં રહે છે. તાજેતરમાં આવી ઠગાઇ કરતાં નાથબાવા શખ્સોની ટોળકીને પકડાવામાં આવી હતી. જે સાધુના સ્વાંગ રચી લોકોને વાતોમાં પરોવી વિધીના બહાને દાગીના રોકડ ઉસેડી ભાગી જતાં હતાં. ઠગાઇના બીજા બનાવમાં સાણંદના મોરૈયા ગામની સુવાસ પ્રવેશ સોસાયટીમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા સંજીવકુમાર સિન્હા સાથે મકાન ખરીદીમાં ૩૨,૪૧,૫૦૦ની છેતરપિંડીની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ગુનામાં મકાન માલિક નરેશભાઈ દાંતણીયા અને એસબીઆઈ મોરૈયા શાખાના તત્કાલીન બેંક મેનેજર વિજયકુમાર એમ. તન્ના સામે ચાંગોદર પોલીસે ગુનો નોંધ્યા હતો. સંજીવકુમારે સોસાયટીમાં જ રહેતા નરેશભાઈનું મકાન તેત્રીસ લાખમાં નક્કી કરી બાના પેટે ચાર લાખ એકતાલીસ હજાર ચૂકવ્યા હતા. મકાન પર જૂની ૧૫.૫૮ લાખની લોન બાકી હતી. સંજીવકુમારે નવી લોન માટે એસબીઆઈનો સંપર્ક કરતા તત્કાલીન મેનેજર વિજયકુમારે ટાર્ગેટ પૂરો કરવા અઠ્ઠાવીસ લાખની હોમ લોન મંજૂર કરી દીધી હતી.આ પછી નિયમ મુજબ ખરીદ વેચાણનો દસ્તાવેજ થયા બાદ જ લોનની રકમ ચૂકવવાની હોય છે, પરંતુ મેનેજરે મકાન માલિક સાથે મેળાપીપણું રચી, ગ્રાહકની જાણ બહાર અઠ્ઠાવીસ લાખ બારોબાર નરેશભાઈના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા. નરેશભાઇએ રકમ ઉપાડી લીધી પરંતુ સંજીવકુમારના નામે દસ્તાવેજ કર્યો નહીં કે જૂની લોન પણ ન ભરી. આ પછી જૂની લોન ભરપાઈ ન થવાને કારણે ફાઈનાન્સ કંપનીએ મકાનનો કબજા લઈ સીલ મારી દેતાં સંજીવકુમારને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બેંકના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં દસ્તાવેજ થયા પછી જ લોનની રકમના બે ડી.ડી. આપવાનું નક્કી થયું હતું. તેમ છતાં તત્કાલીન બ્રાંચ મેનેજર વિજય તન્નાએ ગ્રાહકની જાણ બહાર રૂ. ૨૮ લાખ બારોબાર ફ્ર્જ્ર્ટ કરી દીધા. ગ્રાહક જ્યારે સહી કરવા ગયો ત્યારે મેનેજરે પ્રિન્ટર ખરાબ હોવાથી ડી.ડી.ની પ્રિન્ટ પાછળથી આપીશું તેમ કહી છેતરપિંડી આચરી હતી.

### રાજકોટના શાપરમાં પાંચ દિવસ પુર્વે મહિલાના કપડા પહેરેલી લાશ મળ્યાની ઘટના મર્ડરની નીકળીઃ શાપર પોલીસે ભેદ ઉકેલ્યો

# જેને 'પૂનમ' સમજી પરણ્યો તે 'ચંદનકુમાર' નીકળ્યોઃ પતિએ કરી હત્યા!

## હત્યાનો ભોગ બનનાર ચંદનકુમાર કિન્નર હોવાની તેની સાથે લગ્ન કર્યા પછી પિયુષને ખબર પડતાં ઝઘડો થયો અને લોથ ઢાળી દીધીઃ મુળ યુપીના આરોપીની ધરપકડ

રાજકોટ,તા.૧

જીલ્લામાં હત્યાની વધુ એક ઘટના સામે આવી છે અને સાથે સાથે તેનો ભેદ પણ ઉકેલાઇ ગયો છે. શાપર-વેરાવળમાં પાંચ દિવસ પૂર્વે મહિલાના કપડા પહેરેલ હાલતમાં અજાણ્યા શખ્સની લાશ મળ્યાની ઘટનામાં આ બનાવ હત્યાનો હોવાનું ખુલ્યું છે. હત્યાનો ભોગ બનનાર ચંદનકુમાર નામના કિન્નરે ખોટુ નામ પૂનમ ધારણ કરી મુળ યુપીના યુવાન સાથે લગ્ન કર્યા હતાં. પરંતુ આ લગ્ન બાદ યુવાનને પોતે જેને પરણ્યો છે તે સ્ત્રી નહિ પણ કિન્નર છે તેની ખબર પડતાં મોટો ઝઘડો થયો હતો અને પત્નિ એવા કિન્નરને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

આ મર્ડર મિસ્ટ્રી શાપર વેરાવળ પોલીસે ઉકેલી આરોપી પતિને દબોચી લીધો હતો. વિગતો જોઇએ ગત પચ્ચીસમીના રોજ શાપર પોલીસ સ્ટેશનથી પુર્વે આશરે ચાર કિ.મી.દુર વેરાવળ ગામની સીમ,મસ્કત ફાટકની પાસે આવેલ ઓમ ઓટો એન્ડ રીંગ કારખાના પાસે રેલ્વેની દિવાલ પાસે એક સ્ત્રીના કપડા પહેરેલ પુરૂષની કોહવાઇ ગયેલ હાલતમા લાશ મળી આવેલ હોય બાદ લાશનુ રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવતા મરણજનારનુ મોત માથાના ભાગે ગંભીર ઇજાઓ થવાથી થયાનું ખુલ્યુ હતું.

મૃતકની ઓળખ કરવા તેમજ ગુન્હાઓમાં આરોપીઓને તાત્કાલીક અટક કરવા માટે રાજકોટ રેન્જના આઇ.જી. નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરએ સુચના કરેલ હોય જેના અનુસંધાને કે.જી.ઝાલા નાયબ પોલીસ અધિક્ષક ગોંડલના







**પોતે જેને પરણ્યો તે કિન્નર છે એ નક્કી થયા પછી પિયુષ તેનાથી પીછો છોડાવવા અલગ અલગ રાજ્યમાં ભાગતો ફર્યોઃ પણ ચંદન સતત પીછો કરી તેની પાસે આવી જતોઃ અંતે શાપર સુધી ચંદન આવી ગયો અને મારામારી ચાલુ કરતાં જ પિયુષે પણ માર મારી અર્ધબેભાન કરી ફાટક પાસે ખાડામાં લઇ જઇ પથ્થરથી હત્યા કરી હતી**

માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ. આર. બી.રાણાએ અલગ અલગ ટીમો બનાવી ટેકનીકલ સોર્સ તેમજ હ્યુમન ઇન્ટેલીજન્સ આધારે આરોપીની તપાસ કરી આરોપી પીયુષકુમાર બબલુ ખરવાર જાતે કશ્યપ જે વીસ વર્ષનો છે અને હાલ પીરામીડ કારખાનામા પડવલા તા-કોટડા સાંગાણી ખાતે રહે છે તેને પકડી લીધો છે. આ શખ્સ મુળ સુનવાલી ગામ થાના કરમદિનપુર જી ગાજીપુર રાજ્ય ઉત્તરપ્રદેશનો વતની છે તેણે પોલીસ સમક્ષ હત્યા કર્યાની કબુલાત આપી હતી.

વિશેષ માહિતી અનુસાર પકડાયેલ પીયુષકુમાર પડવલા ખાતે આવેલ પીરામીડ કારખાનામા કામ કરતો હતો. અને પોલીસ સમક્ષ જણાવ્યુહતું કે, હત્યાનો ભોગ બનનારનું નામ ચંદનકુમાર હતુ. આશરે ત્રણેક વર્ષ પહેલા હૈદરાબાદ ખાતે હતો ત્યારે ફેસબુકમા નીશા કુમારી નામની ફેસબુક આઇ.ડી.થી તથા પૂનમ નામની ઇન્સ્ટાગ્રામ આઇ.ડી થી આરોપી પિયુષ સાથે મીત્રતા થયેલ હતી. આ પછી હૈદરાબાદમાં જ પિયુષ અને પૂનમની રૂબરૂ મુલાકાત થઇ હતી અને બંને વચ્ચે પ્રેમ થઇ જતાં લગ્ન કરવાનું નક્કી કર્યુ હતું. એ પછી પિયુષે પૂનમના સેંથામાં સિંદુર પુરી લગ્ન કરી લીધા હતાં અને બંને સાથે રહેવા માંડ્યા હતાં.

જો કે જ્યારે પણ આરોપી પતિ પીયુષ પત્નિ પૂનામ સાથે શરીર સબંધ બાંધવા જણાવતો ત્યારે પૂનમ એમ કહીને ટાળી દેતી હતી કે પોતાને વૈષ્ણોદેવી ખાતે મન્નત છે, મારી મન્નત પુરી થશે બાદ આપણે શરીર સબંધ બાધીશુ. બાદ આરોપી પીયુષને શંકા જતા તપાસ કરતા કિન્નર હોવાનુ માલુમ પડેલ હતુ. બાદ બન્ને વચ્ચે ઝઘડો થતા આરોપી હૈદરાબાદથી પોતાના વતનમા જતો રહ્યો હતો. જ્યા પણ આ ચંદન તેનો પીછો કરી તેના ઘરે પહોચી ગયેલ તથા તેની સાથે જ રહેવાની જીદ કરી તેની સાથે ઝઘડો કરેલ તથા આરોપીના બહેનના લગ્ન પ્રસંગમાં પણ આરોપીની બહેન સાથે ઝઘડો કરી મને ઘરમાં રહેવા દેશો તો જ આ લગ્ન થવા દઇશ તેમ કહી પરીવારના સભ્યો સાથે પણ ઝઘડો કર્યો હતો.

બાદમાં આરોપી પીયુષ રાજસ્થાનના ભીવંડી વિસ્તારના ઘડા ગામ ખાતે જતો રહેલ અને ત્યા હાઇ રાઇઝ બીલ્ડીગોમા પ્લાસ્ટર માટેના ફોલ્ડીગ પાઇપ લગાવવાના કામમા લાગી ગયેલ હોય જેથી થોડા દિવસ બાદ ચંદન ત્યા પણ તેનો પીછો કરી પહોચી ગયેલ અને ત્યા પિયુષ સાથે ઝઘડો કરી તેના પ્રાઇવેટ પાર્ટ ઉપર ઇજા કરેલ પરંતુ મામલો વધુ ન બગડે અને નોકરી ગુમાવવી ન પડે તે માટે મરણજનારને પોતાની સાથે રહેવા દીધેલ પરંતુ આ સમય દરમિયાન પણ મરણજનાર સતત આરોપી સાથે મારામારી તથા ઝઘડા કરતો હોઇ જેથી એક દિવસ રાત્રે ચંદનકુમાર સુતો હોય ત્યારે આરોપીએ તેના કપડા કાઢી વિડિયો બનાવી લઇ મરણજનાર ચંદન જાગતા તેને વિડિયો બતાવી કહેલ કે તુ તો સ્ત્રી નથી તેમ કહેતા ચંદન એકદમ ઉશ્કેરાઇ જઇ પીયુષનો મોબાઇલ હાથમાથી જુટવી લઇ તોડી નાખેલ અને પીયુષને માર માર્યો હતો. જેથી પિયુષ કોઇપણ રીતે રાજસ્થાનથી નીકળી ગયેલ અને તેનો નાનો ભાઇ સત્યમ ખરવાલ શાપર પોલીસ સ્ટેશન વિસ્તારના પડવાલાના એક કારખાનામા કામ કરતો હોય અહિ તા-૦૪/૦૬ના રોજ કોઇ પણ વ્યક્તીને જાણ કર્યા વગર આવી ગયેલ પરંતુ આ ચંદને તેનુ સરનામુ કોઇ પણ રીતે મેળવી લઇ ગઇ તા-૨૧/૦૬ના રોજ બપોરના સમયે પડવલા કારખાનામા આવી ઉપરની ઓરડીમા જ્યા પીયુષ આરામ કરતો હતો ત્યા આવી સીધી જ મારા મારી શરૂ કરી દેતા પિયુષે સામે મારામારી કરેલ અને આ ચંદનને અર્ધ બેભાન કરી દીધેલ.

બાદમાં કારખાનેથી હાથ પકડી રેલ્વેના ટ્રેક પર લઇ પડવાલાથી શાપર બાજુ આવતા ટ્રેક પાસે આવાવરૂ જગ્યા પર એક ખાડામા પાડી દઇ તેના માથા પર તથા મોઢા ઉપર મોટા પથ્થરથી જીવ લેણ ઇજાઓ પહોચાડી મૃત્યુ નિપજાવી તેની લાશ ઉપર પથ્થર મુકી ફરીથી કામ કરતો હતો તે જગ્યાયે પરત થઇ રાબેતા મુજબ કામે લાગી ગયેલ હતો. હત્યાનો ભોગ બનનાર ચંદનકુમાર તથા આરોપી પીયુષ બન્ને વચ્ચે સમલેંગીક સંબધો હોઇ અને મરણજનારથી આરોપી પીછો છોડાવવા માંગતો હોઇ પરંતુ મરણ જનાર છેલ્લા ત્રણ વર્ષથી આરોપી સાથે રહેવા માટે હૈદરાબાદ, ગાજીપુર (ઉતરપ્રદેશ), ભીંવડી (રાજસ્થાન) તથા શાપર, પડવલા (ગુજરાત) સુધી જયાં જયાં પણ આરોપી કામ કરવા માટે ગયો ત્યાં તેની પાછળ આવ્યો હતો.

આ બન્ને વચ્ચે અવાર નવાર નાના મોટા ઝઘડાઓ થતા હોય જેથી આરોપીને સારૂ નહી લાગતા અને ચંદનથી પીછો છોડવવા માટે આરોપીએ ઉશ્કેરાઇ જઇ વેરાવળ (શાપર) મસ્કત ફાટક પાસે રેલ્વે ટ્રેકની બાજુમાં દીવાલ પાસેના ખાડામાં લઇ જઇ માંથાના તથા કપાળના ભાગે તથા શરીરના અન્ય ભાંગોમાં પથ્થરોના ઘા મારી હત્યા કરી હતી. આરોપી પિયુષકુમારને પોલીસે ધરપકડ કરી વધુ પૂછતાછ કરી છે.

આ કામગીરી શાપર વેરાવળના પોલીસ ઇન્સ આર.બી.રાણા તથા પો.સબ ઇન્સ.એસ.આર.પંડયા, તથા વી.જી.જેઠવા તથા એ.એસ.આઇ.ક્રિપાલસિંહ રાણા, દીવ્યરાજસિંહ સરવૈયા તથા પો.હેડ કોન્સ. મહેન્દ્રભાઇ ધાધલ તથા દીનેશભાઇ ખાટરીયા, જગશીભાઇ ઝાલા,તથા પો કોન્સ.અલ્પેશભાઇ ડામસીયા તથા વિમલભાઇ વેકરીયા તથા દીવ્યેશભાઇ શામળા તથા મનસુખભાઇ ચૌહાણ તથા રાજદીપસિંહ જાડેજા તથા લગ્ધીરસિંહ જાડેજા તથા કોન્સ છત્રપાલસિંહ જાડેજાએ આ ડિટેકશન કર્યુ હતું.

# ભાયાસરમાં સરપંચને ગટર મામલે ગાળો દેવા બાબતે બે જૂથની બાકાઝીકીઃ પાંચ ઘવાયા

રાજકોટ,તા.૧

રાજકોટ તાલુકાના સરધાર નજીકના ભાયાસર ગામે ગટર બાબતે સરપંચને ગાળો દેવામાં આવી હોઇ આ મામલે બોલાચાલી થતાં બે જૂથ વચ્ચ ધોકા અને લોખંડના પાઇપથી મારામારી થતા ચકચાર મચી ગઇ હતી. આ બાકાઝીકીમાં પાંચને ઇજા થઇ હતી. આજીડેમ પોલીસે બંને પક્ષની એફઆઇઆર દાખલ કરી કુલ મળી ચૌદ જણા સામે ગુનાઓ દાખલ કર્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો ભાયાસર ગામે રહેતાં અને ગામમાં જ હીંગળાજ પાન નામે દુકાન ચલાવતાં મહેશભાઇ ભુપતભાઇ બાવળીયાની ફરિયાદ પરથી પોલીસે મનુ ચાવડા, બહાદુર ચાવડા, કાળુ ચાવડા, મસા ચાવડા, લાલો ચાવડા, સંદિપ ચાવડા અને મયુર ચાવડા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ મહેશભાઈ તેમની દુકાન નજીક લોકોનું ટોળું એકઠું થયું હોઇ ત્યાં જતાં તેમના મોટાબાપુના દીકરા રસીકભાઈને પુછતા જાણવા મળ્યું કે સંદીપ ચાવડા અને મયુર ચાવડાએ દુકાને આવીને કહેલું કે-તમે મારા કાકા લાલાભાઇને શું કહેતાં હતાં, હિમત હોય તો અમને કહો તેમ કહી ઝઘડો ચાલુ કર્યો છે.

આ પછી મયુરએ બાજુની દેવજીભાઇની દુકાને જઇ ત્યાં પણ કહેલુ કે તમે શું ચારે બાજુ વાતો કરો છો, ઝઘડો કરવો હોય તો આવી જાવ. બાદમાં દેવજીભાઇના દિકરા રજનીને ગાળો ભાંડી હતી. થોડીવાર બાદ મયુરના પિતા મનુભાઇ ચાવડા ધોકો લઇને આવ્યા હતાં. તેની સાથ બહાદુરભાઈ ચાવડા, કાળુભાઈ ચાવડા, મસાભાઈ ચાવડા, લાલો ચાવડા, સંદીપ ચાવડા અને મયુર ચાવડા વગેરે લોકો લાકડાના ધોકાઓ સાથે ધસી આવ્યા હતા અને ગાળો આપવા લાગ્યા હતા. આ વખતે મહેશભાઇના મોટાબાપુના દીકરા કલ્પેશભાઈ આ લોકોને સમજાવવા વચ્ચે પડ્યા, ત્યારે ઉશ્કેરાયેલા




**આજીડેમ પોલીસે બંને પક્ષના સાત-સાત જણા સામે બે એફઆઇઆર દાખલ કરીઃ ધોકા-પાઇપથી ધમાલ મચાવી ધમકીઓ પણ અપાયાનો આરોપ**

ટોળાએ તેમના પર હુમલો કરી દીધો હતો. આરોપીઓએ લાકડાના ધોકા વડે કલ્પેશભાઈને માથાના પાછળના ભાગે તેમજ વાંસાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

આ ઉપરાંત દેવજીભાઈને કમરના ભાગે અને ફરિયાદી મહેશભાઈને જમણા પગે મૂંઢ માર માર્યો હતો. તેમજ સંદીપભાઈએ રસીકભાઈને લાફા માર્યા હતા. ઝઘડા બાદ આસપાસના લોકોએ વચ્ચે પડીને ભોગ બનનારને છોડાવ્યા હતા. ત્યાંથી જતા-જતા આરોપી મસાભાઈએ ધમકી આપી હતી કે જો હવે પછી વચ્ચે આવશો તો તમારો ધંધો બંધ કરાવી દઈશું અને ટાંટીયા ભાંગી નાખીશું. ૧૫ દિવસ પહેલા લાલો ચાવડા ફરિયાદીની દુકાન પાસે આવી ગામના સરપંચ ભરતભાઈને ગટર કાઢવા બાબતે ગાળો આપતો હોઇ જેથી ફરિયાદીએ તેને ગાળો આપવાની ના પાડી હતી. આ બાબતનો ખાર રાખીને આરોપીઓએ આ હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત કલ્પેશભાઈ અને રસીકભાઈને સારવાર અર્થે સરધારની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બીજી તરફ આ બનાવમાં સામા પક્ષે ભાયાસરમાં રહેતાં અને નકળગ બિલ્ડર્સમાં પ્રાઇવેટ નોકરી કરતાં મયુરભાઇ મનુભાઇ ચાવડાની ફરિયાદ પરથી દેવજી બાવળીયા, રસિક બાવળીયા, રજની બાવળીયા, મહેશ બાવળીયા, મનુ બાવળીયા, કમલેશ બાવળીયા અને મુકેશ બાવળીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. મયુરભાઇએ જણાવ્યું છે કે રાતે દસેક વાગ્યે મારો પિતરાઇ ભાઇ હરેશ અને હું હીંગળાજ ગોલા પાસે બેઠા હતાં ત્યારે રસિક બાવળીયા અને દેવજી બાવળીયા અમારા પરિવાર વિશે ગાળો બોલતાં હોઇ તેને ગાળો બોલવાની ના પાડતાં દેવજીભાઇના દિકરા રજીનએ આવી બોલાચાલી કરી હતી.

બાદમાં દેવજીના ભાઇ મહેશભાઇ, મનુભાઇ, કુટુંબી કમલેશ, મુકેશ સહિતે આવી પાઇપથી હુમલો કરતાં મથે કપાળ, માથામાં ઈજા થઇ હતી. લોકો ભેગા થઇ જતાં મને છોડાવ્યો હતો અને સારવાર માટે ખસેડ્યો હતો. દસેક દિવસ અગાઉ દેવજીભાઇ, રસિકભાઇ સાથે પાણીની લાઇન, ગટર ખોદવા મામલે મારે બોલાચાલી થઇ હોઇ ખાર રાખી હુમલો કરાયો હતો. તેમ વધુમાં મયુરભાઇએ કહેતાં આજીડેમના ઇન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન મુજબ હેડકોન્સ. ટી. જે. સરવૈયાએ બે ફરિયાદ દાખલ કરી હતી.

### કાળનું તેડુ ક્યારે કેવી રીતે આવી જાય તેની ખબર નથી હોતી કાળા માથાના માનવીને

# રૈયામાં સાઇટ પર વિજકરંટ વેરી બન્યોઃ બે મજૂરના મોત

રાજકોટ,તા.૧

માણસને પરલોકનું તેડુ ક્યારે અને કેવી રીતે આવી જાય તેમ જ કયા સ્થળે આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. કંઇક આવી જ કરૂણ ઘટનામાં બે મજૂરની જિંદગીનો ઓચીંતો અંત આવી ગયો હતો. શહેરના રૈયા ગામમાં બાંધકામની સાઇટ પર લિફ્ટ પાસે કામ વખતે વિજકરંટ લાગતાં મજુરના મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ બંને મુળ મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના વતની હતાં અને હાલ રાજકોટ ખાતે જ્યાં કામ ચાલતું હોય ત્યાં રહેતાં હતાં. ઘટનાને પગલે બંને મજુરના પરિવારજનો, સાથી મજૂરોમાં કલ્પાંત સર્જાયો હતો. વિગતો પર નજર કરીએ તો રૈયા ગામમાં પાટીદાર ચોકમાં અપટાઉન બાંધકામની સાઇટ પર પર હાલમાં લિફ્ટનું અને કલરનું કામ ચાલુ હોઇ આ સાઇટ પર કોન્ટ્રાકટર રવિભાઇ સાથે લિફ્ટ ફિટીંગના કામ માટે આવેલા છવ્વીસ વર્ષના રામબલી કામટાપ્રસાદ કુશવાહા તથા એકવીસ વર્ષના સુરજ હીરાલાલ કુશવાહાને બપોરે લિફ્ટ પાસે કામ કરતી વખતે અચાનક જોરદાર વિજકરંટ લાગતાં બંને બેભાન થઇ ઢળી પડ્યા હતાં.

આ બનાવને પગલે સાઇટ પર બીજા કર્મચારીઓ એકઠા થઇ ગયા હતાં અને તુરત જ બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ અહિ બંનેને તબિબે મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો.



**અપટાઉન બાંધકામની સાઇટ પર બનાવઃ લિફ્ટ પાસે યુપી, એમપીના બંને મજૂર કામ કરતાં હતાં ત્યારે બનાવઃ યુનિવર્સિટી પોલીસ દ્વારા તપાસ**

હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ યુનિવર્સિટી પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર રામદલી કુશવાહા મુળ એમપીનો વતની હતો. તે એક બહેન અને ત્રણ ભાઇમાં વચેટ હતો. તેના લગ્ન થઇ ગયા હતાં. થોડા સમયથી તે રાજકોટ રહી અલગ અલગ સાઇટ પર કામ કરતો હતો. જ્યારે તેની સાથે મૃત્યુ પામનાર સુરજ કુશવાહા મુળ યુપીનો વતની હતો. આ બનાવથી સાથી મજુરોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. વિજકરંટ કેવી રીતે લાગ્યો? તેની પોલીસે તપાસ હાથ ધરી હતી.

### સવારે રાજકોટથી કુવાડવા હોમિયોપેથી કોલેજ ખાતે જવા નીકળ્યો ત્યારે બનાવ બન્યો


# ટ્રકની હડફેટે હોમિયોપેથીના વિદ્યાર્થીનું મોત

## મૃતક મુળ કચ્છનો વતનીઃ તેનો મોટો ભાઇ રાજકોટ પીડીયુ મેડિકલ કોલેજમાં એમબીબીએસ કરે છેઃ પિતા ગાંધીનગર એસઆરપીમાં ફરજ બજાવે છેઃ આશાસ્પદ દિકરાના મોતથી શોકની કાલીમા

રાજકોટ,તા.૧

વાહન અકસ્માત વધુ એક વખત જીવલેણ નીવડ્યો છે. જેમાં હોમીયોપેથી કોલેજના આશાસ્પદ વીસ વર્ષના યુવાનનું મોત થયું છે. રાજકોટ મેડીકલ કોલેજ નજીક એપાર્ટમેન્ટમાં ફ્લેટ રાખીને રહેતો મુળ કચ્છનો વીસ વર્ષનો યુવાન કુવાડવા ખાતે આવેલી હોમિયોપેથી કોલેજ ખાતે હોન્ડા હંકારીને જતો હતો ત્યારે કુવાડવા નજીક ટ્રક પાછળ તેનું વાહન અથડાયા બાદ તે ફેંકાઇ જતાં બીજી કારની ઠોકરે ચડી જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. વિગતો પર નજર કરીએ તો આ અકસ્માતમાં કાળનો કોળીયો બનેલો આ યુવાન મુળ કચ્છનો વતની હતો અને હાલ રાજકોટ તેના મોટા ભાઇ સાથે મેડિકલ કોલેજની પાસે રહેતો હતો તેમજ કુવાડવાની હોમિયોપેથી કોલેજમાં અભ્યાસ કરતો હતો. તે સવારે કોલેજ જવા નીકળ્યો ત્યારે આ કરૂણ બનાવ બન્યો હતો. રાજકોટથી કુવાડવા કોલેજમાં અભ્યાસ અર્થે બાઇક હંકારીને જઇ રહેલો વિદ્યાર્થી નિખિલ દશરથભાઇ બ્રાહ્મણ (ઉ.વ.૨૦) કુવાડવા વચ્ચે બંધ ઉભેલા ટ્રકમાં પાછળ અથડાઇ જતાં બાઇક સહિત ફેંકાઇ ગયો હતો.

એ વખતે જ પાછળ કાર આવતી હોઇ તેની ઠોકરે પણ ચડી જતાં ગંભીર ઇજાઓ થતાં ઘટના સ્થળે લોહીખા ખાબોચીયા ભરાઇ ગયા હતાં. બનાવ સ્થળે લોકો ભેગા થઇ જતાં ૧૦૮ બોલાવી તુરત જ તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. આ અંગે નજરે જોનારાના જણાવ્યા મુજબ રાજકોટ



કુવાડવા વચ્ચે કુવાડવા તરફ જવાના રસ્તા ઉપર જીજે-૧૧-ટીટી-૬૯૭૧ નંબરનો ટ્રક બંધ હાલતમાં રોડ ઉપર પડયો હતો. નિખિલ તેનું બાઇક નંબર જીજે-૧૨-ઇકે-૭૯૩૩ લઇ કોલેજે જતો હતો. આ દરમિયાન બંધ ટ્રક પાછળ નિખિલ અથડાયા બાદ ફંગોળાયો હતો. તે વખતે અજાણી કારે નિખિલને જોરદાર ટક્કર મારતા ગંભીર ઇજાઓ પહોંચી હતી. હાલતમાં ૧૦૮ મારફત નિખિલને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. રાજકોટના અહેવાલ મુજબ અહિ નિખીલને તબિબે મૃત જાહેર કરતાં કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી. વધુ વિગતો મુજબ નિખિલ દશરથભાઈ હાલ રાજકોટ પીડિયુ મેડિકલ કોલેજ હોસ્ટેલ નજીક ફ્લેટ રાખીને રહેતો હતો. તેના મોટા ભાઇ પાર્થ ભાઇ મેડીકલ કોલેજની હોસ્ટેલમાં રહે છે. પાર્થ પીડીયુ મેડિકલ કોલેજમાં એમબીબીએસના ચોથા વર્ષમાં અભ્યાસ કરે છે. આ બંને ભાઇઓ મુળ કચ્છના વતની છે.

નાના ભાઇ નિખિલનું અકસ્માતમાં મૃત્યુ થયાની જાણ થતાં ડો. પાર્થ તથા બીજા સાથી ઇન્ટર્ની તબિબો, મિત્રો ઇમર્જન્સી વોર્ડ ખાતે દોડી આવ્યા હતાં. બનાવની જાણ વતનમાં માતા-પિતાને કરવામાં આવતાં તેઓ પણ રાજકોટ આવવા રવાના થયા હતાં.

મૃતકના પિતા ગાંધીનગર એસઆરપીમાં ફરજ બજાવે છે. નિખિલ કુવાડવા પાસે આવેલી આર્યવીર હોમિયોપેથી હોસ્પિટલમાં બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતો હતો. સવારે કોલેજ વવા નીકળ્યો ત્યારે આ બનાવ બન્યો હતો. કુવાડવા પોલીસ સ્ટેશનના વૈભવભાઇ સહિતે વિશેષ કાર્યવાહી કરી હતી.

### રજૂ થયેલા બિલોમાં મનપાના અધિકારીઓએ કર્યો નિયમ ભંગ

# ડિમોલિશનમાં ૨૭ લાખના બિલની દરખાસ્ત નામંજૂર




**ગાંડીવેલ દૂર કરવા મશીન નહીં મેનપાવર નો ઉપયોગ કરાય તે મુદ્દે થશે ચર્ચા વિચારણાઃ સ્ટેન્ડિંગ ચેરમેનનો ખુલાસો કોઈપણ ખર્ચ માટે વહીવટી પ્રક્રિયા યોજાય તે ખૂબ જરૂરી**

રાજકોટ, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકામાં હાલ જે નવી બોડી ચુંટાઈને આવી છે તેમના દ્વારા નિષ્પક્ષ અને પારદર્શક વ્યવહાર કરવામાં આવતો હોય અને કામગીરી કરાવતી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો તંત્ર દ્વારા જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન જે પગલા લેવામાં આવ્યા અને જે બિલ નો વિરોધ ઉઠ્યો હતો તેના પર આકરો નિર્ણય લીધો છે અને ૨૭ લાખના બિલની જ દરખાસ્ત ગત સ્ટેન્ડિંગમાં આવેલી હતી તેને ગઈકાલે ના મંજૂર કરી દેવામાં આવી છે.

અત્યાર સુધી બંધ બારણે અને ગણતરીની મિનિટોમાં જ સ્ટેન્ડિંગ કમિટીમાં ૫૦થી વધુ જેટલી દરખાસ્તોનો નિર્ણય લેવામાં આવતો હતો પરંતુ પારદર્શક વહીવટના નેમ સાથે હાલના હોદ્દેદારો કામગીરી કરતા હોય તેવું ઉદાહરણ જોવા મળ્યું છે. જંગલેશ્વર ડિમોલશન બાદ જે ૨૭ લાખના ચર્ચાસ્પદ ખર્ચની દરખાસ્ત કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીમાં આવી ત્યારે પણ ચેરમેન દ્વારા તેને અભ્યાસ અર્થે પેન્ડિંગ રાખવામાં આવી હતી. પરંતુ આ અંગે ખૂબ વધુ વિરોધ થતાં તેને હવે રદ કરી દેવામાં આવી છે. મેયર ડો.નેહલ શુકલના અધ્યક્ષસ્થાને મળેલી ભાજપ સંકલન અને તે બાદ ચેરમેન પરેશ પીપળીયાના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટે.કમીટીની મીટીંગમાં આ દરખાસ્ત ફગાવવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો.

સ્ટેન્ડિંગ ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું હતું કે જે રીતે ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી તે સમયે અધિકારીઓને એવી તો કેવી જરૂરિયાત ઊભી થઈ કે કાજુકતરી જેવા મિષ્ઠાન ખાવા પડે. અને ૨૭ લાખ જેટલું બિલ થાય ત્યારે આ મુદ્દો તર્કસંગત ન લાગતા અને આધારભૂત પુરાવાઓ સામે ન આવતા આદરખાસ્તને ના મંજૂર કરી દીધી હોવાનું પણ તેઓએ જણાવ્યું હતું. ત્યારે આ પ્રકારના ખર્ચ કરનાર અધિકારીઓની જવાબદારી પણ ફિક્સ થઈ છે તેવું હાલ જાણવા મળ્યું છે.

સ્ટેન્ડિંગ કમિટીની ગઈકાલે મળેલી બેઠકમાં જંગલેશ્વર ડિમોલેશન કામગીરી દરમિયાન થયેલા ચા-નાસ્તા અને ભોજનના રૂ. ૨૭.૨૦ લાખના બિલને નામંજૂર કરી દેવામાં આવ્યું હતું. વિભાગ દ્વારા બિલની ચૂકવણી માટે નિયત ટેન્ડર પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું ન હોવાથી સ્ટેન્ડિંગ કમિટીએ ચૂકવણીનો ઈનકાર કર્યો હતો. ટેન્ડર વગર કરાયેલો ખર્ચ ચૂંટાયેલા લોકોએ નામંજૂર કર્યો હતો. બેઠકમાં જંગલેશ્વર સહિતની ત્રણ મુખ્ય દરખાસ્તો અને એક અધ્યક્ષસ્થાનેથી ચેરમેને ખુદ રજુ કરેલી રેટ કોન્ટ્રાકટ અંગેની દરખાસ્ત પર ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

સવા ચાર મહિના પહેલા વોર્ડ નં.૧૬ના જંગલેશ્વર વિસ્તારમાં કરવામાં આવેલા મેગા ડિમોલીશન વખતે ત્રણ દિવસ ફરજમાં રહેલા કોર્પો. અને પોલીસ વિભાગના કર્મચારીઓ માટે ભોજન સહિતની ફૂડ સપ્લાય કરવામાં આવી હતી. જેમાં ૨૭.૨૦ લાખનું ભોજન, નાસ્તો, ચા, મીઠાઇ સહિતનો મોટો ખર્ચ થતા તે મંજૂર કરવાની દરખાસ્ત આવી હતી. તેમાં ખાણીપીણીનું ૨૭ લાખથી વધુનું ખર્ચ થઇ ગયાનું બહાર આવતા આ દરખાસ્ત શાસકોએ સ્કેનીંગમાં લીધી હતી.

આ તત્કાલ ડિમોલીશન વચ્ચે કોઇ ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી ન હતી જે ખર્ચ ૨૭.૨૦ લાખ મંજૂર કરવા દરખાસ્ત મુકવામાં આવી હતી. આ રીતે ચારેક દિવસમાં પૂરી થયેલી બાકીની કામગીરીના દિવસોમાં ચા-નાસ્તા અને ભોજનનો ખર્ચ ૨૭ લાખથી વધુ મંજૂર કરવા પર આજે કાતર ફેરવી દેવામાં આવી હતી. આ સાથે હવે ટેન્ડર વગર ખર્ચ કરવાની પરંપરાને પણ નવી ટીમે બ્રેક મારી દીધી છે. કમીટીની મીટીંગમાં મચ્છરોનો ઉપદ્રવ રોકવા એઆઇ અને ડ્રોન ટેકનોલોજીથી ૮૫.૪૩ લાખના ખર્ચે કામગીરી કરાવવાની દરખાસ્ત સ્ટે.કમીટીએ શાસકોએ કમિશ્નરને પરત મોકલી દીધી છે. આ કામગીરીનું સભ્યો પ્રત્યક્ષ નિદર્શન જોવાના છે.

ગત બેઠકમાં મુલત્વી રહેલ વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ડ્રોન મારફતે પોરાનાશક કામગીરી માટે કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્ત રજૂ થઈ હતી. અન્ય મહાનગરોની સરખામણીએ સૂચવાયેલા દર વધુ હોવાનું ધ્યાનમાં આવતા કમિટીએ દરખાસ્ત પરત મોકલી હતી. હવે અન્ય મહાનગરોમાં સમાન કામગીરી કયા દરે આપવામાં આવે છે તેનો અભ્યાસ, વિગતો અને પ્રત્યક્ષ નિરીક્ષણ બાદ સુધારેલી દરખાસ્ત ફરી રજૂ કરવા વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે તેમ ચેરમેન જણાવ્યું હતું.

બીજી તરફ આજી નદીના બેડી પાસેના કાંઠા સહિતના ભાગમાં ગાંડીવેલ કાઢવા વર્ષોથી લાખોના ખર્ચ સહિતની મશીનરી સાથેની કામગીરી પણ સફળ થઇ નથી. આ દરમ્યાન એક પાર્ટીએ ચેરમેન પરેશ પીપળીયાનો સંપર્ક કરી પરંપરાગત પધ્ધતિ અને મશીનના બદલે મેનપાવરના રસ્તે આ કામ કરવાની ઓફર આપતા ચેરમેને સંપૂર્ણ વિગત સાથે આ પાર્ટીને પ્રેઝન્ટેશન દેખાડવા કહ્યું છે.

## તમામ રેટ કોન્ટ્રાક્ટ પર ફરી થશે ચર્ચા વિચારણા

મહાનગરપાલિકાના વિવિધ વિભાગમાં આરસી કોન્ટ્રાક્ટ મુજબ કામ થતું હોય છે પરંતુ જંગલેશ્વરની કામગીરીમાં અનેક છબરડાઓ સામે આવતા મહાનગરપાલિકાએ આ અંગે ખાસ નિર્ણય લીધો છે અને જે ટેન્ડર પૂર્ણ થઈ ગયા હોય તેમાં નવા ટેન્ડર કરવા માટેની જાહેરાત પણ સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા કરવામાં આવી છે સાથોસાથ ચાલી રહેલા રેટ કોન્ટ્રાક્ટ પર ચર્ચા વિચારણા કરવા અને અભ્યાસ કરવા પણ જણાવ્યું છે. સ્ટે.કમીટીની મીટીંગમાં અધ્યક્ષસ્થાનેથી પરેશ પીપળીયાએ દરેક શાખાના વર્તમાન રેટ કોન્ટ્રાકટનો રીવ્યુ કરવા અને મુદ્દત પૂર્ણ થઇ હોય તેમાં સત્વરે નવા ટેન્ડર બહાર પાડવાના વહીવટી સુધારા સાથેનો ઠરાવ કરીને કમિશ્નરને મોકલી આપ્યો છે. નવા રેટ કોન્ટ્રાકટ સુધી કોઇ કામ ન અટકે તે માટે હાલના આર.સી. ચાલુ રહેશે અને જેમ જેમ ટેન્ડર બહાર પડતા જાય તેમ તમામ ધંધાર્થીઓને નવેસરથી સ્પર્ધાત્મક ભાવો આપવા ટેન્ડરથી જાહેર નિમંત્રણ આપવામાં આવશે તેમ બેઠક બાદ મેયર ડો.નેહલ શુકલ અને સ્ટે.ચેરમેને માહિતી આપતા જણાવ્યું હતું. મહાપાલિકાની વોટર વર્કસ, બાંધકામ, સોલીડ વેસ્ટ, ડ્રેનેજ સહિતની શાખાઓ હેઠળ રોજિંદા કરવાના થતા ખાડા બુરવાથી માંડી ગટરના ઢાંકણા, વાલ્વ, અલગ અલગ સાધનો બદલવા, છુટક કામો કરવા વર્ષે કરોડો રૂપિયાનો છુટક ખર્ચ આર.સી. હેઠળ થાય છે. મેયર અને ચેરમેને બેઠક બાદ માહિતી આપતા કહ્યું હતું કે, હાલ પ્રોજેકટ સહિતની જે કોઇ શાખામાં આર.સી.ની મુદત પૂરી થઇ ગઇ હોય તેના નવા ટેન્ડર તુરંત બહાર પાડવા અધિકારીઓને સૂચના આપવામાં આવી છે તો અન્ય કયા કયા વિભાગમાં રેટ કોન્ટ્રાકટ ચાલે છે અને કયા કયા ભાવથી કામ ચાલી રહ્યું છે તેનો રીપોર્ટ માંગવામાં આવ્યો છે. જો કોઇ વસ્તુના ભાવ વધુ લાગે તો તાત્કાલીક તેના માટે સ્પર્ધાત્મક ભાવ મંગાવવા નવા ટેન્ડર બહાર પાડવામાં આવશે.

# જિલ્લામાં શિક્ષણ લાલબત્તી સમાન

**૮,૮૯૪ વિદ્યાર્થીઓએ અધવચ્ચેથી ભણવાનું છોડ્યું! : ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા શિક્ષણ વિભાગ ઊંધા માથેઃ ૬,૬૯૫ છાત્રો અન્ય જિલ્લા કે રાજ્યમાં માઈગ્રેટ થયાનો ખુલાસો**



## સ્થાનિક સ્તરે ડ્રોપઆઉટ થતા ૨,૧૯૯ બાળકોઃ અસલી પડકાર

જે ૨,૧૯૯ બાળકોએ સ્થાનિક સ્તરે જ શાળા છોડી દીધી છે, તે તંત્ર માટે સૌથી વધુ ચિંતાનો વિષય છે. સર્વે અનુસાર આ પાછળના મુખ્ય કારણો નીચે મુજબ છેઃ

**આર્થિક તંગીઃ**

પરિવારને મદદરૂપ થવા માટે નાની ઉંમરે જ બાળમજૂરી કે ઘરકામમાં જોડાઈ જવું.

**કન્યાઓનું ડ્રોપઆઉટઃ**

ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ પૂરું થયા પછી હાઈસ્કૂલ દૂર હોવાને કારણે દીકરીઓને ઉઠાવી લેવી.

**અભ્યાસમાં અરુચિઃ**

સતત ગેરહાજરીના કારણે અભ્યાસ કાચો રહી જવો અને અંતે કાયમી શાળા છોડી દેવી.

## તંત્ર એક્શન મોડમાંઃ ડ્રોપઆઉટ નાથવા 'માસ્ટર પ્લાન'

**આ મોટી ખાધ પુરાવા માટે શિક્ષણ સચિવ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી (ઉડઊઘ) દ્વારા તાકીદની બેઠક બોલાવીને નીચે મુજબના કડક પગલાં લેવાની જાહેરાત કરવામાં આવી છે. સ્કૂલ મેનેજમેન્ટ કમિટી અને શિક્ષકો સ્થાનિક સ્તરે શાળા છોડી ગયેલા ૨,૧૯૯ બાળકોના ઘરે રૂબરૂ જઈ વાલીઓનું કાઉન્સિલિંગ કરશે. સ્થળાંતર કરતા પરિવારોના બાળકો રાજકોટમાં જ રહીને ભણી શકે તે માટે સરકારી હોસ્ટેલ અથવા સિઝનલ હોસ્ટેલ નેટવર્ક મજબૂત કરાશે.**

રાજકોટ, તા. ૧

શિક્ષણના હબ ગણાતા રાજકોટ જિલ્લામાંથી એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. સરકારી અને ખાનગી શાળાઓમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓમાંથી ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ૮,૮૯૪ જેટલા વિદ્યાર્થીઓએ અધવચ્ચેથી જ ભણવાનું છોડી દીધું હોવાનું સત્તાવાર આંકડા પરથી જાણવા મળ્યું છે.

આ મોટો આંકડો સામે આવતા જ સ્થાનિક શિક્ષણ તંત્રમાં દોડધામ મચી ગઈ છે અને ડ્રોપઆઉટ રેશિયો નીચો લાવવા માટે સમગ્ર શિક્ષણ વિભાગ હાલ 'ઊંધા માથે' થયો છે. શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલા આંતરિક સર્વેક્ષણ અને ટ્રેકિંગના આધારે ડ્રોપઆઉટ પાછળ મુખ્યત્વે માઈગ્રેશન (સ્થળાંતર) જવાબદાર હોવાનું સામે આવ્યું છે. મોટાભાગના કિસ્સાઓમાં શ્રમિક પરિવારો રોજગારી અર્થે અન્ય જિલ્લા કે અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરી જતા હોય છે, જેને કારણે તેમના બાળકો પણ શાળા છોડવા મજબૂર બને છે.

રાજકોટ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો (જેવા કે જસદણ, વિંછીયા, જેતપુર) માં મોટા પાયે હીરા ઉદ્યોગ, ડાઈંગ અને પ્રિન્ટિંગ ઉદ્યોગ તેમજ બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા પરપ્રાંતીય અને અન્ય જિલ્લાના શ્રમિકો વસે છે. આર્થિક મંદી અથવા મોસમી રોજગારીના કારણે જ્યારે વાલીઓ વતન કે અન્ય શહેરો તરફ હિજરત કરે છે, ત્યારે તેમની સાથે બાળકોનું શિક્ષણ પણ અધવચ્ચે જ છૂટી જાય છે. આ ૬,૬૯૫ બાળકો આવા જ પરિવારોનો હિસ્સો છે.

આ મોટો આંકડો સામે આવ્યા બાદ રાજકોટ જિલ્લા શિક્ષણ સમિતિ અને તંત્ર દ્વારા તાબડતોબ બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. ડ્રોપઆઉટ રેશિયો નાથવા માટે નીચે મુજબની રણનીતિ ઘડવામાં આવી રહી છેઃ

### ૧. ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (CTS)

માઈગ્રેટ થયેલા ૬,૬૯૫ વિદ્યાર્થીઓ જે તે નવા જિલ્લા કે રાજ્યની શાળામાં દાખલ થયા છે કે નહીં તેની ઓનલાઈન પોર્ટલ દ્વારા ખરાઈ કરવામાં આવી રહી છે.

### ૨. ડોર-ટુ-ડોર સર્વે

સ્થાનિક સ્તરે જે ૨,૧૯૯ બાળકોએ ભણવાનું છોડ્યું છે, તેમના વાલીઓનો રૂબરૂ સંપર્ક કરી બાળકોને પુનઃ શાળાએ લાવવા કાઉન્સિલિંગ શરૂ કરાયું છે.

### 3. માઈગ્રેશન સર્ટિફિકેટની સુવિધા

શ્રમિક પરિવારોના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે ઓન-ધ-સ્પોટ પ્રવેશ મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

# ૧૮ વર્ષ સુધીના કિશોરને મળશે હેલ્થ પાસપોર્ટ

## ગુજરાતના બાળકોનું સ્વાસ્થ્ય એ જ રાજ્યનું ભવિષ્યઃ રાજ્યમાં નવી ક્રાંતિ




રાજકોટ, તા. ૧

આજના આધુનિક યુગમાં, જ્યારે ટેકનોલોજી દરેક ક્ષેત્રમાં હસ્તક્ષેપ કરી રહી છે, ત્યારે ગુજરાત સરકારે બાળકોના સ્વાસ્થ્યને લઈને એક અત્યંત પ્રગતિશીલ અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે 'સ્કૂલ હેલ્થ - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' (જીં-છઇજીઊ) અંતર્ગત જન્મથી લઈને ૧૮ વર્ષ સુધીના દરેક બાળક માટે 'હેલ્થ પાસપોર્ટ' બનાવવાની જાહેરાત કરી છે. આ પહેલ માત્ર એક કાગળ કે કાર્ડ નથી, પરંતુ બાળકના જન્મથી લઈને કિશોરાવસ્થા સુધીના સમગ્ર સ્વાસ્થ્ય સફરનો એક સચોટ અને ડિજિટલ દસ્તાવેજ છે.

આ રાજ્યવ્યાપી કાર્યક્રમનો શુભારંભ ગત ૨૭ જૂન, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યો હતો. દેશના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આ યોજનાનો પ્રારંભ થયો. આ પ્રસંગે સરકારનો સ્પષ્ટ સંદેશ હતો કે ગુજરાતના બાળકોનું સ્વાસ્થ્ય એ જ રાજ્યનું ભવિષ્ય છે. ઘણીવાર માતા-પિતા પોતાના બાળકના સ્વાસ્થ્યને લગતા ભૂતકાળના રિપોર્ટ્સ, રસીકરણ કે બીમારીની હિસ્ટ્રી યાદ રાખી શકતા નથી અથવા તે દસ્તાવેજો ગૂમ થઈ જાય છે. 'હેલ્થ પાસપોર્ટ' આ તમામ સમસ્યાઓનો કાયમી ઉકેલ છે. તે બાળકની તમામ મેડિકલ વિગતોને એક જ પ્લેટફોર્મ પર સુરક્ષિત રાખશે. જ્યારે પણ બાળકને હોસ્પિટલમાં કે કોઈ સારવાર માટે લઈ જવામાં આવે, ત્યારે એક ક્લિક પર ડોક્ટરો તેના સ્વાસ્થ્યનો આખો ઈતિહાસ જાણી શકશે, જે સમયસર સારવાર અને ચોક્કસ નિદાન માટે અત્યંત મહત્વનું છે.

ગુજરાતમાં દર વર્ષે આશરે ૧.૮૯ કરોડ બાળકોનું હેલ્થ ચેકઅપ થાય છે. આ કામગીરી માટે ૯૯૨ જેટલી સમર્પિત મોબાઈલ હેલ્થ ટીમો સતત કાર્યરત રહે છે. હાલની સ્થિતિમાં આ ચેકઅપનો ડેટા ડિજિટલ પોર્ટલ પર તો છે, પરંતુ વાલીઓ પાસે એવો કોઈ હાથવગો પુરાવો નહોતો કે જેને તેઓ ગમે ત્યારે રજૂ કરી શકે. આ નવો 'હેલ્થ પાસપોર્ટ' ડેટા એન્ટ્રીના સ્થળ પર જ બાળકને આપી દેવામાં આવશે, જેથી વાલીઓ પાસે બાળકની મેડિકલ ડાયરી હંમેશા ઉપલબ્ધ રહેશે.

સરકારના આ કાર્યક્રમમાં માત્ર તપાસ નથી થતી, પરંતુ ગંભીર બીમારીઓ ધરાવતા બાળકોને નિષ્ણાત ડોક્ટરો પાસે રિફર કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. આ 'હેલ્થ પાસપોર્ટ' દ્વારા એ જાણી શકાશે કે બાળકને ભૂતકાળમાં કયા પોષક તત્વોની ઉણપ હતી, તેનું વજન કેટલું હતું અને તેની શારીરિક વૃદ્ધિ કેવી રીતે થઈ રહી છે. આ ડેટાના આધારે સરકાર ભવિષ્યની આરોગ્ય નીતિઓ પણ વધુ સારી રીતે બનાવી શકશે. મધ્યમ અને ગરીબ પરિવારના લોકો જેઓ ઘણીવાર ડોક્ટરો બદલતા હોય છે, તેમને આ હેલ્થ પાસપોર્ટ ખૂબ મદદરૂપ થશે. હવે કોઈ પણ નવા ડોક્ટરને બાળકના જૂના રિપોર્ટ કે દવાઓ સમજાવવાની જરૂર નહીં રહે. પાસપોર્ટ જોતા જ ડોક્ટરને બધી ખબર પડી જશે. આનાથી સમયનો બચાવ થશે અને સારવારમાં ભૂલ થવાની શક્યતા પણ ઘટી જશે.